રૂ.૫/-

# શ્રી સ્વામિનારાયણ

જાન્યુઆરી - ૨૦૧૦



શ્રી સ્વામિનારાયણ મંદિર
અમદાવાદ પ.પૂ.મહારાજશ્રીની નિશ્રામાં
ધનુર્માસ ધૂન મહોત્સવ

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧















૧-૨. જમીયતપુરા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાની આરતી ઉતારતા પ.પૂ.મહારાજશ્રી અને આર્શીવાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી ૩. શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર સે.૨૩ ત્રિશતાબ્દી મહોત્સવ પ્રસંગે પુસ્તકોનું વિમોચન કરી આશીર્વાદ આપતા પૂ. લાલજી મહારાજશ્રી ૪. મોટેરા ગામે પ.પૂ.મોટા મહારાજશ્રીની આરતી ઉતારતા યજમાનશ્રી અને કથામૃતપાન કરાવતા પૂ.શા.સ્વામી રામકૃષ્ણદાસજી. ૫. આંત્રોલી મંદિરમાં સભાને આશીર્વાદઆપતા પ.પૂ.મોટા મહારાજશ્રી અને પ.પૂ.આચાર્ય મહારાજશ્રી ૬. આંત્રોલી મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી ૭. ઈશ્વરપુરા(બદપુરા)ગામે એન. ડી. ચૌધરીની પારાયણ પ્રસંગે પ.પૂ. મહારાજશ્રીની આરતી ઉતારતા હરિભક્તો

Praful Kharsani




**સંસ્થાપક**
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
**www.swaminarayanmuseum.com**

**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ - ૨૭૪૫૨૧૪૫

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રીશ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.in**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ**
વાર્ષિક રૂ. ૫૦-૦૦
વંશપરંપરાગત
દેશમાં રૂ.. ૫૦૧-૦૦
વિદેશમાં : રૂ. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ : રૂ. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ


**શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર**

વર્ષ - ૩ | અંકઃ ૩૩ | જાન્યુઆરી ૨૦૧૦


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | અસ્મદીયમ્ | ૨ |
| ૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૩ |
| ૩. | દાન | ૪ |
| ૪. | જાકે પ્રિય ન રામ બૈદેહી | ૫ |
| ૫. | પેશ્વાઇ ગઇને સહજાનંદ સ્વામી અમદાવાદમાં પુનઃ પધાર્યા | ૭ |
| ૬. | હિતકારી શ્રીહરિ હેતે બંધાયા ! | ૮ |
| ૭. | રોકડીયા હનુમાનજી જીરાગઢ | ૯ |
| ૮. | શ્રીહરિના ધામની પ્રાપ્તિનો ઉપાય | ૧૦ |
| ૯. | સત્સંગ સુરભિ | ૧૧ |
| ૧૦. | સત્સંગ બાલવાટિકા | ૧૩ |
| ૧૧. | ભક્તિ સુધા | ૧૬ |
| ૧૨. | પ્રશ્ન પેટી | ૨૦ |
| ૧૩. | સત્સંગ સમાચાર | ૨૧ |

# અસ્મદીયમ

જાન્યુઆરી માસ એટલે અંગ્રેજી વર્ષનો પ્રથમ માસ. નૂતન વર્ષનો માસ. સાથો સાથ ૧૪ જાન્યુઆરીનો દિવસ એટલે મકર સંક્રાંતિનો દિવસ. ઉત્તરાયણનો દિવસ. સંક્રાત કાળ એટલે દાન અને પુણ્યનો પવિત્ર અવસર.

સૂર્યનો મકર રાશિમાં પ્રવેશ, દક્ષિણમાંથી સૂર્યનું ઉત્તરમાં અયન. આ પવિત્ર કાળમાં કરેલ દાન-પુણ્ય અને સત્કર્મ એ અનંતગણા ફળનું આપનારૂ થાય છે. એવો આપણા શાસ્ત્રો, સંતો અને વિદ્વાનોનો મત છે. આવા પવિત્ર કાળમાં વિશેષ દાન-પુણ્ય અને ભજન ભક્તિ કરી.હરિની પ્રસન્નતા પ્રાપ્ત કરીએ. વળી યોગાનુયોગ ઉત્તરાયણ બાદ તુરત જ વસંતનું આગમન થઈ રહ્યું છે. વસંત એટલે ઋતુઓનો રાજા. ભગવાન પણ ગીતામાં કહે છે કે ઋતુઓમાં વસંત હું છું. વસંત એટલે પાનખરમાં સુકાઈને ખરી ગયેલા પાંદડીઓના સ્થાને નવીન પર્ણોની કુપળ ફૂટવાનો આરંભ કાળ અને એમાં પણ વસંત પંચમી એટલે આપણા માટે બેવડા આનંદનો દિવસ, એક તો શ્રીજી મહારાજે પ્રવર્તાવેલી પરંપરા પ્રમાણે રંગોત્સવનો દિવસ અને બીજું આપણા સર્વેના સુખ અને મોક્ષ માટે શ્રીહરિએ સ્વહસ્તે રાજી થઈને આપણને આપેલી 'શિક્ષાપત્રી જયંતી'નો દિવસ. પરમાત્માએ સ્વહસ્તે પોતાના હાથમાં કલમ ઉપાડીને જો કોઈ શાસ્ત્ર લખ્યું હોય તો એવું એક અદ્વિતીય શાસ્ત્ર એટલે 'શિક્ષાપત્રી'. ઉત્તરાયણ, વસંત અને શિક્ષાપત્રીના ત્રિવેણી સંગમના આ પવિત્ર માસમાં આપણે સૌ આપણા જીવનને કાળ અને માયાના દક્ષિણમાંથી ભક્તિ અને પ્રભુના ઉત્તર તરફ લઈ જઈએ. આપણા મનના સર્વે સુકા પાપો અને જડ માન્યતાઓના સડેલા પાનો ખેરવી પ્રભુ પ્રીતિ અને પ્રભુ પ્રતિતીના નવા રંગે ભક્તિ અને વૈરાગ્ય-સમર્પણના કેસુડા રંગે રંગીયે અને 'શિક્ષાપત્રી જયંતી' ના પાવન અવસરે આપણા સુખની એ ચાવીઓને સંભારી, એ મહારાજ જો આપણા સુખની આટલી ચિંતા કરતા હોય તો મહારાજના એ દાખડાને સફળ કરવા શિક્ષાપત્રીઓની આજ્ઞાઓનું વિશેષને વિશેષ પાલન કરીએ એજ આપણી સાચી વસંત ! બાકી તો જન્મોજન્મની પાનખર પાનખરને પાનખર.....

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**<br>
**શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના**<br>
**જયશ્રી સ્વામિનારાયણ**

## પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ
(ડિસેમ્બર-૨૦૦૯)



૩. શ્રી સ્વામિનારાયણ મંદિર મેઘજીના મુવાડા દશાબ્દી પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૪. ઈશ્વરપુરા (બદપુરા) ગામે પ.ભ. એન.ડી. ચૌધરીને ત્યાં કથા પ્રસંગે પધરામણી.

૫. લાલોડા (તા. ઈડર) ગામે પટેલ મોહનભાઈ અમીચંદભાઈ અને પટેલ જેઠાભાઈ અમીચંદભાઈને ત્યાં પધરામણી.

૬. શ્રી સ્વામિનારાયણ મંદિર લુણાવાડા મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૭. પ.ભ. દાસભાઈ પટેલ, સાવલીયા લાલજીભાઈ નારણભાઈ અને હસમુખભાઈ સામત્રાને ત્યાં પધરામણી, બાપુનગર.

૮. શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) નારીચાણા (મૂળીદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
પ.ભ. હરેન્દ્ર દવે ને ત્યાં પધરામણી, સેટેલાઈટ.

૯. શ્રી સ્વામિનારાયણ મંદિર અખીયાણા (મૂળીદેશ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૦. શ્રી સ્વામિનારાયણ મંદિર પેથાપુર પારાયણ પ્રસંગે પધરામણી.

૧૧. શ્રી સ્વામિનારાયણ મંદિર રામપરા (મૂળીદેશ) પાટોત્સવ-પારાયણ પ્રસંગે પધરામણી.

૧૨-૧૩. શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન મુંબઈ પધરામણી.

૧૪. પ.ભ. વલ્લભભાઈ પરસોત્તમદાસ બાબરીયાને ત્યાં પધરામણી, શીલજ રોડ, થલતેજ.

૧૫. પ.ભ. સુરેન્દ્રભાઈ સી. પટેલ (વિશાલાવાળા)ના ચિત્રોના પ્રદર્શનના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, ગુજ. યુનિ. સામે નવરંગપુરા.
પ.ભ. બાબુભાઈ શંભુભાઈ પટેલને ત્યાં પધરામણી, હીરાવાડી.

૧૬. ધનુર્માસ ધુન પ્રસંગે શ્રી નરનારાયણદેવની મંગળા આરતી કરી ધૂનમાં પધાર્યા.

૧૭. શ્રી સ્વામિનારાયણ મંદિર મહાદેવનગર ધૂન અને નવા આશ્રિતોને ગુરુમંત્ર પ્રસંગે પધરામણી.

૧૮. શ્રી સ્વામિનારાયણ મંદિર ઝુંડાલ સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામીની ૨૨૫ મી જન્મજયંતી અને પારાયણ પ્રસંગે પધરામણી.
દેત્રોજ ગામે પારાયણ પ્રસંગે પધરામણી.

૨૬-૨૭. મઉંબઈ થાણા કથા પ્રસંગે પધરામણી.

૨૮. મોટેરા ગામે ભજન સંધ્યા પ્રસંગે પધરામણી.

૩૦. મોટપ શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૨૭. **પ.પૂ. લાલજી મહારાજશ્રી** શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સેકટર-૨૩) પધરામણી.

# દાન

- શાસ્ત્રી સ્વામી અભયપ્રકાશદાસજી ગુરુ
મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારણઘાટ)

આપણે સૌએ દાન વિષે ઘણું ઘણું સાંભળ્યું છે. અને શાસ્ત્રોમાં પણ દાનનો ખૂબ જ મહિમા વર્ણવવામાં આવ્યો છે. દાનને તો ધર્મનું આભૂષણ ગણવામાં આવે છે. તનની શુદ્ધિ સ્નાન કરવાથી થાય છે. મનની શુદ્ધિ હરિ ગુણ સાંભળવાથી થાય છે. તેમ ધનની શુદ્ધિ દાન કરવાથી થાય છે. અને એટલા માટે જ પોતાના કમાએલા ધનમાંથી દશમો અને વિશમો ભાગ આપણે ભગવાનને અર્પણ કરીએ છીએ.

ભગવાન સ્વામિનારાયણે પણ શિક્ષાપત્રીના ૧૪૭ માં શ્લોકમાં આપણને સૌને આજ્ઞા કરી છે કે પોતાની જે વૃત્તિ અને ઉદ્યમ તે થકી પામ્યું જે ધન ધાન્યાદિક તે થકી દસમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વિશમો ભાગ અર્પણ કરવો.

શ્રીમદ્ સત્સંગિજીવનમાં શતાનંદ સ્વામી દાન માટેની તિથિઓ બતાવે છે. જેમ કે કારતક સુદી નવમી, મહાસુદી સાતમ, વૈશાખ સુદી બીજ, પોતાના જન્મ નક્ષત્રના દિવસે, અન્નકૂટ આદિક ઉત્સવોના દિવસે મકર સક્રાંતિના દિવસે અને સૂર્ય-ચંદ્ર ગ્રહણના દિવસે દાનનો ખૂબ જ મહિમા મનાય છે.

નીતિશતકમાં ધનની ત્રણ ગતિ બતાવવામાં આવી છે. એક દાન બીજી ભોગ ત્રીજી નાશ, જે કમાયેલા ધનનું દાન કરે તેને પુણ્ય પ્રાપ્ત થાય છે. ભોગમાં ભરણ પોષણ થાય છે. અને એ વિના ધનનો નાશ થાય છે. આપણે ત્યાં કહેવત છે "જેવું વાવે તેવું લણે" પોતા પાસે ભગવદ્ કૃપાથી ધન હોય અને એનો જો સદ્વ્યય કરે તો આગળ જતા સુખી જ થવાનો છે. અને ધન છે. છતાં પણ ધર્માર્થ કાર્ય માટે નથી વાપરતો તેણે આગળ જતા દુઃખી થવું પડે છે. જેમ આપણે બેંકમાં પૈસા મુક્યા હોય અને આપણે જ્યારે જ્યારે લેવા જઈએ ત્યારે ત્યારે આપણને પાછા મળે છે. તેમ પરલોકની બેંકમાં પુણ્ય અને પરોપકાર રૂપી ધન મુક્યું હશે તો મૃત્યુ પછી જીવાત્માને પરલોકમાં અને બીજા જન્મોમાં તે નાણું વ્યાજ સહિત અનેક ગણું પાછું મળશે તે દાનના બે વિભાગ છે. એક તો એ કે ધનનું દાન જન્માન્તરના સુખો અને સ્વર્ગના સુખો ભોગવવા કર્યુ હોય તો તે પુણ્ય તરીકે કહેવાય છે. અને બીજું એ કે ભગવાનની આજ્ઞા છે. તે માટે હું દાન કરૂં છું. એવો ભાવ રાખીને કરવામાં આવે તો તે ભક્તિ ગણાય છે. અને એનું ફળ ભગવાનનો રાજીપો અને ધામની પ્રાપ્તિ છે. માટે નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે........

"જાવું છે, રે જાવું છે, રે આપો જમણે હાથ રે,
આવે સાથે રે, જીવ જાવું છે.
જાવું છે રે જાવું છે, રે માલ ધન મેલી,
ઠાલું ઠેલી રે. જીવ જાવું છે."

શાસ્ત્રો એમ કહે છે કે માણસ જ્યારે જન્મે છે ત્યારે કશું સાથે લઈ જન્મતો નથી. અને મરે છે ત્યારે પણ કાંઈ જ સાથે લઈને જતો નથી. હા લાવે છે. અને લઈ જાય છે. તો કેવળ કરેલા કર્મ અને કરેલા પાપ, પુણ્ય.

બે ધનવાન સગા ભાઈઓ હતા. તેમાં એક સદાચારી અને દાતા હતો તેથી અનેક સ્થાનોમાં પરોપકાર કરતો તથા દુઃખીઓના દુઃખો મટાડતો. અને બીજો હતો તે લોભી હતો અને શ્રદ્ધા વિનાનો હતો. તેથી પુણ્ય દાન કરતો નહિ. સમય જતા દાનેશ્વરી હતો તે બિમાર પડ્યો તેથી તેનો નાનો ભાઈ રૂપીયા લઈને આવ્યો અને બોલ્યો : હે ભાઈ ! હું તમારા રૂપિયા ઉછીના લઈ ગયો હતો તે દેવા આવ્યો છું. ત્યારે મોટા ભાઈ બોલ્યા : હવે તો હું આ લોકમાં રહેવાનો નથી તેથી તું પરલોકમાં આવે ત્યારે સાથે લેતો આવજે એટલે મને ત્યાં કામ આવે. આવું સાંભળી નાનો ભાઈ બોલ્યો : અરે ભાઈ પરલોકમાં કંઈ પણ સાથે ન આવે. તો પછી તમારા રૂપિયા કેવી રીતે લાવું ? આવું સાંભળી મોટાભાઈ બોલ્યા : તું કાંઈ પણ દાન પુણ્ય કરતો નથી અને તમામ આવક ભેગી કરે છે. તો બધી સંપત્તિ તારી સાથે આવશે ખરી ? તુરંત નાનો સમજી ગયો અને મોટાભાઈની માફી માગી પરોપકારમાં પોતાની સંપત્તિ વાપરવા લાગ્યો.આ જગતમાં જે પણ કાંઈ છે એ સર્વ ભગવાનનું છે અને એમણે આપણને આપ્યું છે. અને એમાંથી આપણે આપવાનું છે.

એક સજ્જન નીચી દૃષ્ટિ કરીને જ દાન આપતા તેથી એક સંતે તેમને પૂછ્યું ભાઈ આમ કેમ? તેમણે કહ્યું.

"દેન હાર કોઈ ઔર હૈ, દેત રહત દિન રેન
લોક ભરમ હમ પર ધરે, તાતે નીચે નૈન."

હે મહાપુરુષ : મને સંપત્તિ આપનાર તો ભગવાન છે. હું તો કેવળ નિમિત્ત માત્ર છું. અને દાન દીધા કરું છું. પરંતુ મને જોઈને લોકો વખાણ કરે છે. તે સાંભળીને મને શરમઆવે છે. તેથી હું નીચે જોઈને દાન આપું છું.

તન પવિત્ર સેવા કિયે, ધન પવિત્ર દીયે દાન,
મન પવિત્ર હરિ ભજન સે, ઈસ બિધ હો કલ્યાણ.

# જાકે પ્રિય ન રામ બૈદેહી

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ, જમીયતપુરા (મહંત સ્વામી માણસા)

તુલસીદાસજી એક કવિ હતા. ભક્ત હતા, સંત હતા, એક નિષ્ઠ ઉપાસક હતા...... જે કાંઈ હતા પ્રભુને સંપૂર્ણ પણે સમર્પિત શરણાગત હતા. પ્રભુ પ્રેમમાં એવા તો મશગુલ હતા કે હરિ વિના સઘળું અણમાનીતું જ નહિ પણ ઝેર સમાન લાગતુ. તેઓશ્રીની અસંખ્યાત રચનાઓમાંથી એક પદમાં ગાયું છે કે.

"જાકે પ્રિય ન રામબૈદેહી, સો છાડીએ,
કોટી બૈરી રામ, જદય થી પરમસ્નેહી."

જેને સીતા રામજી એટલે કે ભગવાન અને તેના ઉત્તમ ભક્તમાં પ્રેમ નથી અને તે કદાચ આપણો નિકટનો સગો કે પરમ સ્નેહી હોય તો પણ કોટી બૈરી સમ..... અત્યંત વેરભાવે યુક્ત અહીં પકાટી ધ્રુણાસ્પદ સમજી તેનો ત્યાગ કરી દેવો. તે કદાચ લોક પ્રતિષ્ઠિત હોય, રૂપવાન હોય, ધનવાન હોય, ગુણવાન હોય, વિદ્વાન હોય, કુળવાન હોય, પરંતુ જો તેને ભગવાનની ઓળખાણ ન હોય તો તે પાંગળો છે. પ્રભુ પદમાં પ્રીતિ ન હોય તો તે અંધ નુગરો છે. હરિ દર્શન કાજે ઉત્સુક ન હોય, પથ્થર કરતા પણ જડ મતી હોય, તેનો સંગ કરનાર પણ ગાંઠનું ગોપી ચંદન ગુમાવે છે. જન્મજન્માંતરે અનંત પુણ્ય ઉદય થાય ત્યારે ભગવાન અને ઉત્તમોત્તમભક્તો - સંતોનો યોગ થાય છે. અને સામાજીક કે કૌટુંબિક કુસંગની મહોબતમાં મહા મોંઘું રામરતન રોળાય જાય નહીં તેથી ભક્ત કવિ સમગ્ર ભક્ત આલમને અહીં સાવધ કરે છે. ભલે તે દેખીતી રીતે ભગવાનનો દ્રોહ કરતા ન હોય પણ તેની આંતર ઈચ્છા કે મૂળભૂત રુચિ લોકેષણા, વિતેષણા કે પુત્રેષણા માં પરોવાયેલી હોય તેથી પોતાના સંગીનો જરૂર એ તરફ જ ખેંચવા પ્રયત્નશીલ રહે છે. માટે ભક્ત હૃદયે સાવચેત રહી ચેતી જવું પડે કે જે સંગે પ્રભુ પદ બડાવત પ્રીતિ એવા સંત એજ મારા પરમ હિતકારી અને પરમ હિતકારી છે. એ સિવાય અન્ય વિસ સમદુઃખદાઈ છે.

"તજો પિતા પ્રહલાદ, વિભીષણ બંધુ, ભરત મહ તારી, બલી ગુરુ ત્યજો કેત વ્રજ બની તની, ભયે મૃદ મંગલકારી."

ભગવદ્ ભક્તોની સમજણ નિયમ, નિશ્ચય અને પક્ષના પાયા પર ટકી હોય છે. ભગવત સ્વરૂપનો પર્વત પ્રાયઃ નિશ્ચય ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ ડગાવી શકતા નથી. વળી ભગવાન અને તેમના ભક્તોનો પક્ષ પણ શિર સાટે રાખી જાણે છે. તે સંબંધિત ઐતિહાસિક પ્રસંગોની સ્મૃતિ કરાવી ભક્ત કવિ તેમાંથી પ્રેરણા પાવા ટકોર બંધ ઉદાહરણ આપે છે કે કુમળી વયના પ્રહલાદજી એ પોતાના પિતા કે જેવો રાજ સત્તા એ આરૂઢ હતા છતાં ભગવાનથી વિમુખ હોવાના કારણે અનેક ધાતકી અને જીવલેણ ધમકીઓ ને સ્વીકારીને પણ તેવો ને વશ થવાને બદલે અવગણના કરીને ત્યાગ કરી દીધો હતો. એજ અનુસાર અનંત સત્તાના સ્વામી એવા લંકેશ રાવણ પણ ભગવાન શ્રીરામ અને અંતેવાસી પરમ ભગવદી માતા સીતાજીના અપરાધમાં ફસાયા હોવાથી લઘુબંધુ ભ્રાતા વિભીષણે પણ તેની છાવણીનો ત્યાગ કરી શ્રીરામચંદ્રજીનું શરણું સ્વીકાર્યું હતું. વળી જે ભરતજી કાજે માતા કૈકયીએ આટલી હોનારત ખડી કરી હતી તે સ્વયં ભરતજીએ પણ સગી માતાનો સર્વથા ત્યાગ કરીને ભગવદ્ શરણનો આશરો સાચવી રાખ્યો હતો. બળીરાજા એ તો ભગવદ્ ભક્તિમા અંતરાય કરનાર સ્વયં ગુરુ શુક્રાચાર્યજીને પણ નકારો આપી દૂર રાખ્યા અને પ્રભુ વચને પાઈમાલ થઈ પાતાળ પહોંચવાનું પસંદ કર્યું. અનો કોણ જાણે કેટકેટલીય વ્રજવનીતાઓએ પરણ્યા પતિયો ને પડતા મેલીને હરિવરની બંસરીના સાદે તાલ મીલાવવા દોડી ગઈ ! તો તે સાશ્વત સુખની અધિકારી થઈ વેદની રૂચાઓ બની ગઈ. જે કોઈ પ્રભુ ઉપર ઓવારી ગયા તે તો અમરત્વને પામી ગયા. દુઃખના લેશ વગરના

પરમસુખના અખંડ ભોગતા બની ગયા.

જેને આત્યંતિક હેત કરવા યોગ્ય એક માત્ર ભગવાન મળી ગયા છે. જેને પ્રેમનો વીશ વીશ કોષનો પ્રવાહ કેવળ પ્રભુ પ્રત્યે વહી રહ્યો છે. તેને વિષે સહેજે જ સુસહૃદયતા ને આત્મીયતા રહ્યા કરે છે. સર્વે સાધન એથી ઉપરાંત એને કોઈ વ્રત-તપ-જપ-તીર્થ કે દાન આદિક સાધન કરવા રહ્યા નથી એ તો મૃત્યુ લોકમાં હોવા છતાં ભગવદ્ સાનિધ્ય અનુભવી ધામના સુખ માણતા રહે છે. કહી કહીને કહીયે કેટલું ? નાના મોંઢે ઝાઝું શું કહેવું. પણ જેને આંખો જ નથી તેને અંજનની શોભા શી રીતે સોહે ! ઘુવડને સૂર્ય પ્રકાશના શા ખાપ ? પત્ર વિનાના પારણાને નિર્ધનને મહોલતો એવી વાંછના શા કામની ! ભક્ત કવિ નરસૈયાએ પણ એ જ ગાયું છે કે "હેત વિના હુંકારો નો દેવો જેનું હરખે શું હૈયું ન દિશે રે" વળી એવા જ એક પદમાં ગવાયું છે કે, "વ્રજવનીતાના પ્રેમની આગળ ઉડ્યા કોટી કબીરા રે",,,, ઉદ્ધવજીના જ્ઞાનની ગહેરાઈ ને પ્રત્યુત્તર આપતા ગોપીઓ કહેતી કે અમારા મૃત્યુ પછી બળેલા હાડકા ઉપરથી વાયરો પસાર થશે તો તેમાંથી પણ હે... કૃષ્ણ ...... હે કૃષ્ણ જેવા સુરો સંભળાશે. કારણ કે અમારા રોમે રોમે અને લોહીના કણોકણમાં શ્રીકૃષ્ણ પ્રત્યેનો પ્રેમ એવો સમાઈ ગયેલો છે કે મજ્જા અને હાડકા એ હેતનુંજ નવ સર્જન બની ગયા છે.

"તુલસી સો સબ ભાતી પરમ હિત, પૂજ્ય પ્રાન તે પ્યારો,
જા સો હોય સ્નેહ રામપદ, યે તો મતો હમારો."

તુલસીદાસજી પોતાની કુશાગ્ર બુદ્ધિથી સંસારના સકળ જીવનનો સરવાળો કરતાં લખે છે કે મને તો એ મારા પ્રાણ કરતા પણ અનેક ઘણો વધુ વાહલપ ઉપજાવે છે. જેને પ્રભુ પદમાં પ્રીતિ પ્રગટ થઈ ચૂકી છે. રામસે અધિક રામકે દાસા. વામનજી ભેળી લાકડી વધી તેમ શ્રીહરિમાં જે કોઈ સંતો ભક્તો ઓગળી ગયા તે શ્રીહરિના મોલે મૂલવાતા રહ્યા છે. તેમાં પણ જેને એ હીરલો પ્રગટ પ્રમાણ હાથ લાગી ગયો એવા પ્રગટ ઉપાસી પરમહંસો એ જેના પળે પળ અને ઘડીએ ઘડીના દિવ્ય અને માનુષી ચરિત્રો જોયા - માણ્યા અને મટકાયે રહિત એને હરતા-ફરતા, જમતા-જમતા, રમતા-ભમતા, તે સમૈયા ઉત્સવોના સુખડાની લ્હાણો ઊછાળતા અનુભવ્યા એવા સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણમા અનહદ પ્રીતિના એવા તો ઓડકારી લ્હાવા લીધા અને તેને હજારો-હજારો પદોમાં ગાયા. ગાનાર-સાંભળનાર, લખનાર અને વાંચનાર સૌ વર્ષો પછી પણ આજે તરોતાજી ધન્યતા અનુભવે છે. ઉપરોક્ત પદ જેવા પરોક્ષ કવિઓની રચનાઓને પણ પ્રત્યક્ષના અનુસંધાને પલટાવી તેમાંથી પણ દિવ્ય રસા સ્વાદના સુખડા માણતા કરી મુક્યા એ પણ સર્વોપરિ શ્રીહરિની એક આગવી વિશિષતા છે જેને નત મસ્તક વંદના કરતા રહીએ...

## શ્રી નરનારાયણદેવ આદિ દેવોનો ઠોરના થાળ અંગે

**સમસ્ત સત્સંગને સહર્ષ જણાવવાનું કે, જે આપણા સંપ્રદાયમાં વૈષ્ણવ સંપ્રદાયના શ્રી વિઠ્ઠલનાથજીની પરંપરાગત ઠાકોરજીની સેવા પૂજા થાય છે. ઘણા સમયથી ઠાકોરજીને "ઠોર" ના થાળ થાય તેવી સૌ હરિભક્તોની ઈચ્છા હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને આ અંગે પ્રાર્થના કરતા સહર્ષ આજ્ઞા આપી જેથી હવે ઠાકોરજીને રાજભોગમાં "ઠોર"ના થાળ ધરાવવામાં આવશે. જે એક દિવસ અગાઉ નોંધવામાં આવશે. રૂા. ૧૫૦૦/- માં ઠોરના થાળ થશે.**

# પેશ્વાઈ ગઈને સહજાનંદ સ્વામી અમદાવાદમાં પુનઃ પધાર્યા

- ચેતન ભગત ગુરુ મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી

ઈ.સ. ૧૮૧૮ વિઠ્ઠલરાય બાબાજી નામે પેશ્વાસૂબો અમદાવાદનો હાકેમ હતો. તે હંમેશા ખુશામત ખોરો અથવા હજૂરીયાઓથી ઘેરાયેલો રહેતો. ૧૮૧૬ માં સહજાનંદ સ્વામી સંતવૃંદ પાર્ષદો અને સશસ્ત્ર કાઠી હરિભક્તોના રસાલા સાથે શહેરમાં પધાર્યા. કોઈએ પેશ્વાની કાન ભંભેરણી કરી કે આ સહજાનંદ સ્વામી અને તેમના સંતો ભારે પાખંડી છે. તમારી રાજસત્તા માટે જોખમ ઉભું કરે તેમ છે. આ વાતોથી ભોળવાઈ પેશ્વાએ તેમનું કાસળ કાઢી નાખવાનું વિચાર્યું. સહજાનંદ સ્વામીને તેણે ભદ્રના કિલ્લામાં પધરામણી કરવાના બહાને તેડાવ્યા. ત્યાં તેમને ઊંચા આસને બેસવા આગ્રહ કર્યો પણ સહજાનંદ સ્વામી તેના પર ના બેઠા. તેમણે કહ્યું કે, અમે સાધુ છીએ. અમારાથી રાજસત્તા કરતા ઊંચા આસને ના બેસાય. વિદાય લેતા તેમણે પોતાની લાકડી આસનની ગાદી પર દબાવી, ત્યાં જ નીચેનું ઉકળતા તેલનું ટાંકું છતું થયું. પેશ્વાનું કાવતરૂ ખુલ્લું પડી જવાથી પેશ્વો ભારે ચિડાયો, રોષે ભરાયો અને બોલ્યો કે તમે મારા રાજ્યની હદ હમણાને હમણા જ છોડી દો. ત્યારે સહજાનંદ સ્વામીએ પ્રશ્ન કર્યો. તો પાછો ક્યારે આવું ? તેના જવાબમાં પેશ્વાએ જણાવ્યું, 'મારું રાજ્ય હોય ત્યાં સુધી અમદાવાદમાં પગ ના મૂકવો. પછી વાત એવી બની કે ગાયકવાડ સાથે પેશ્વાની તકરારનો બરાબર લાભ અંગ્રેજોએ ઉઠાવ્યો. અને શ્રીજી મહારાજની ઈચ્છાથી ટૂંક સમયમાં ઈ.સ. ૧૮૧૮ માં અમદાવાદમાંથી પેશ્વાની સતા ગઈ ખેડા કલેકટર એન્ડ્રયુ ડનલોપે શહેરનો કબજો લીધો.'

અમદાવાદમાં કંપનીનું શાસન સ્થપાતા સહજાનંદ સ્વામી પુનઃ પધાર્યા. અને અંગ્રેજ સરકારે શ્રીજી મહારાજનું ખૂબજ આદર સત્કાર કરી બહુમાન કરીને સંપ્રદાયનું વિશાળ મંદિર કરવા જેટલી જોઈએ તેટલી જમીન બક્ષીસમાં આપીને યાવત ચંદ્ર દિવા કરૌ પર્યન્ત તાંબાના પતરા પર લેખ કરી આપ્યો અને તે જગ્યા પર શ્રીજી મહારાજની આજ્ઞાથી સ.ગુ. આનંદાનંદ સ્વામીએ ત્રણ શિખરનું ભવ્ય મંદિર બનાવ્યું અને સંવત ૧૮૭૮ ફાગણ સુદ ત્રીજ રવિવાર તા. ૨૮-૨-૧૮૨૨ ના રોજ કાલુપુરમાં પાઠકવાડી તરીકે ઓળખાતી સુંદર રમણીય વિસ્તારમાં સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને બાથમાં લઈ સ્વસ્વરૂપ શ્રી નરનારાયણદેવ પધરાવ્યા. તે સ્વામિનારાયણ સંપ્રદાયનું સૌ પ્રથમ શિખરબધ્ધ મંદિર હોવાનું ગૌરવ ધરાવે છે. અમદાવાદમાં કંપની શાસન અને સ્વામિનારાયણ સંપ્રદાયના આગમનનો સમય લગભગ સાથે હોવાથી લોકોકિત પ્રચલિત થઈ ! ટીલું અને ટોપી સાથે આવી, ટોપી ગઈ ને ટીલું રહ્યું. અર્થાત્ વિદેશી શાસન ગયું ને લાખો લોકોના કલ્યાણની રાહ ચિંધતા સંપ્રદાયની ધર્મધજા લહેરાય છે.

## નવા પ્રકાશનો

૧. શ્રીહરિ વિચરણ લીલા

૨. અષ્ટાંગ યોગ દર્શન (સત્સંગિજીવનમાંથી)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી આ બે નવાં પુસ્તકોનું પ્રકાશન થયું છે. શાસ્ત્રી હરિકેશવદાસજી દ્વારા સંપાદિત અને લેખિત આ બન્ને પુસ્તકો સત્સંગી માત્રને ઉપયોગી બને તેવા છે.

આ બન્ને પુસ્તકોનું વિમોચન ગાંધીનગર સેકટર-૨૩ ના આપણા મંદિરના ત્રિશાબ્દી મહોત્સવ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થયું હતું.

આ બન્ને પુસ્તકો સ્વામિનારાયણ મંદિર કાલુપુર-સાહિત્ય કેન્દ્ર અને સેકટર-૨૩ સ્વામિનારાયણ મંદિર ગાંધીનગરથી મળી શકશે.

# હિતકારી શ્રીહરિ હેતે બંધાયા !

પ્રો. મહાદવે ધોરીયાણી (રાજકોટ)

સામાન્ય સત્સંગી પણ અગત્રાઈના પર્વતભાઈના નામથી અનભિજ્ઞ નહિ હોય. સંપ્રદાયમાં રાજા જનક અને આત્મનિવેદી અંબરીષ જેવા ગૃહસ્થ હરિભક્તોની ગણતરીમાં પર્વતભાઈનું નામપહેલી હરોળમાં આવે. એક દિવસ અણચિંતવ્યા મહારાજ અગત્રાઈ આવી પહોંચ્યા અને પર્વતભાઈને કહ્યું : ''અમારે મંદવાડ ગ્રહણ કરવો છે, તમે હા કહો છો કે ના ?''

પર્વતભાઈએ દંડવત્ કરતા કરતા કહ્યું : ''ના મહારાજ મંદવાડ ગ્રહણ ના કરશો. આપ અગત્રાઈમાં વિરાજો અને અમને અહોનિશ સેવા સમાગમનો લાભ લેવા દ્યો. માંદગીની, દ્રઢ નિશ્ચય બળની વાત કરો......''

પર્વતભાઈના અતિ આગ્રહને લીધે મહારાજ માત્ર બે દિવસ જ રોકાયા. મહારાજની વાતમાં પર્વતભાઈને થોડી વ્યગ્રતાનો ભાસ થયો.

મહારાજ અહીંથી પંચાળે પધાર્યા. દરબાર ઝીણાભાઈ મહારાજ માટે ઢોલિયો ઢાળે તે પહેલાં જ મહારાજે મોકો જોઈ પેલો મૂંઝવતો પ્રશ્ન પૂછ્યો :

''ઝીણાભાઈ ! તમે અમારા માટે ઢોલિયો ઢાળ્યો તે બહુ જ સારું કર્યું, કારણ કે અમારે મંદવાડ અહીં જ ગ્રહણ કરવો છે.''

ઝીણાભાઈનું હૃદય તો આ શબ્દો સાંભળીને એક થડકારો ચૂકી ગયું ! અરે ! આ શું ? તેમણે મનોમન વિચાર્યું કે, ઘટાદાર વટવૃક્ષ એમ કહે કે હવે હું ઉખડીને જમીનદોસ્ત થઈ જવા ઈચ્છુ છું. નદી એમકહે કે, હું સુકાઈ જાઉં ?

ઝીણાભાઈએ ગાદલા પર ચાદર પાથરતી વખતે મન મનાવ્યું. મહારાજની ઐશ્વર્ય લીલા અપરંપાર છે. ઝીણાભાઈએ જરા આડા ફરીને અશ્રુ ભીની આંખો લૂછવાની ચેષ્ટા કરી તે મહારાજ જોઈ ગયા.

મહારાજે પુનઃ કંઈના પૂછ્યું : માત્ર એક જ રાત રોકાઈને વહેલી સવારે ચાલી નીકળ્યા.

ઝીણાભાઈ વિમાસણમાં પડ્યા. ખરેખર ! ''મોત અને મહેમાન કોઈના પણ રોકાયા કદાપિ રોકાતા નથી.'' મહારાજ ના આ શબ્દો દરબારના હૃદયને કોરી ખાવા લાગ્યા. અરે ! આ મેં શું કર્યું ? કશી વાતની મેં કદી મહારાજને ના કહી નથી. પંચાળામાં મહારાજ મંદવાડ ગ્રહણ કરે તે ઝીણાભાઈથી સહન ન થયું.

મહારાજે ત્રીજો મુકામ પિપલાણે કર્યો, પણ માંદગીની વાત કરી તેથી સત્સંગીઓનો સહકાર સાંપડ્યો નહિ. તેથી રોકાણ કર્યા વગર ગણોદ થઈને વરજાંગ જાળિયા ગામે આવ્યા અને કેસરબાને મળ્યા. હરિભક્ત હીરાભાઈ અને કેસર બાઈના આનંદની કોઈ સીમા ન હતી.

મહારાજે પૂછ્યું : ''અમારે માંદા થવું છે તે અહીં જ થવું છે, જો તમે હા પાડો તો.....?''

આ અતિ ભોળા કેસરબાએ ઉત્તર દીધો : ''હા મહારાજ! આપની મરજી હોય એમ કરો.'' મનમાં એ ઊગ્યું તેવું તરત જ કહી દીધું!

ખરેખર, મહારાજે મંદવાડ આખરે અહીં જ ગ્રહણ કર્યો. કેસરબાઈ અને તેમના પતિ હરિભાઈ શ્રીહરિની સેવામાં ખડેપગે રહ્યા.

માંદગીનો ઉપાય પણ મહારાજે જ કર્યો. અનશન પર ઊતરી ગયા ! ખાવા-પીવાનું છોડી દીધું.

કેસરબા મહારાજને પૂછે : ''મહારાજ ! શું લેશો ? જેની રુચિ હોય તે કહો એટલે બનાવી લાવું.''

મહારાજ માંદા છતાં મજાક કરે, અને ગામમાં ન મળે તેવી વસ્તુ માગીને રોષ કરે : ''જે માગીએ તે વસ્તુ નહોતી આપવી તો અમને અહીં રોક્યા શા માટે ?''

એક વખત અડધી રાતે કહ્યું : ''અમારે ગરમા ગરમ તાજી જલેબી ખાવી છે.''

કેસરબાઈએ હરિભાઈને જગાડ્યા. માંડીને વાત કરી. બંને ઉપડ્યા. ભાયાવદર. કંદોઈનું ઘર ઉઘડાવી જલેબી તૈયાર કરાવડાવી. કંદોઈને મહેનતાણું આપી રાજી કર્યો.

બંનેએ ઘેર આવી મહારાજને જગાડ્યા. ''જમો મહારાજ ! જલેબી તાજી જ છે.......''

મહારાજે આવી તો કેસરબાની કેટલીય આકરી કસોટી કરી હતી.

જાળિયા પાસે વેણું નદી વહે. ''નદીમાંથી પાંચેક બેડા પાણી ભરી લાવીને અમને ખૂબ નવડાવો તો જ અમારો રોગ જશે.''

મંદવાદને વિદાય આપવાની મહારાજે આ આગવી રીત અપનાવી. મહારાજનો મંદવાડ ગાયબ ! હવે તો કેસરબા નિત્ય-નિત્ય નવી નવી વાનગીઓ બનાવી મહારાજને હેતથી જમાડે.

''જમતાં જમતાં રે પાણી પીવાની ટેવ.....''

મહારાજ પાણી પાતા જાય અને મોં માં કોળિયો મૂકે. આ દંપતીનું મન હરખાય.

કેસરબા ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગયાં. ''આવો દીકરો હોય તો નિત નવરાવીએ ને નિત જમાડીએ.....''

એ સંકલ્પ પામી જતાં અંતર્યામીને કેટલી વાર ? મહારાજે એમનો મનોરથ પરિપૂર્ણ કરવા મનોમન દૃઢ નિશ્ચય કરી લીધો, કે એમનો આ શુભ સંકલ્પ સિદ્ધ થાય.

હિતકારી શ્રીહરિ હેતે બંધાયા હતા ! પૂરા ૪૫ દિવસ મહારાજે આ સેવાભાવી દંપતીને સેવાનો લાભ આપ્યો હતો.

આવું હતું મંગલકારી, પ્રીતકારી અને હિતકારી શ્રીહરિનું હેત !

# રોકડીયા હનુમાનજી જીરાગઢ

- શંભુભાઈ હીરજીભાઈ પટેલ (નવાવાડજ)

શ્રીજી મહારાજને મૂળીધામ પ્રિય હતું. મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ તાબાનું જીરાગઢ (હાલાર)માં હરિમંદિર છે. જીરાગઢ ગામમાં દર વર્ષે વાર્ષિક પાટોત્સવમાં આપણા સંપ્રદાયના વિદ્વાન સંતોના વક્તાપદે પારાયણનું સુંદર આયોજન કરવામાં આવે છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર, જીરાગઢ (હરિમંદિર)માં પટમૂર્તિઓ શ્રી ઘનશ્યામમહારાજ, ઉભી મૂર્તિ, શ્રી નરનારાયણદેવ, ધર્મ-ભક્તિમાતા, માણકી ઘોડીની મૂર્તિઓ પધરાવેલ છે.

અહીં રોકડીયા હનુમાનજીની મૂર્તિ ખૂબજ ચમત્કારી છે. સૌ પ્રથમ નિર્દોષાનંદ સ્વામીએ રોકડીયા હનુમાનજીની પ્રતિષ્ઠા કરી પધરાવેલા. કોઈ કારણસર હનુમાનજીના જમણા પગમાં આંગળી ખંડિત થઈ. તેથી પૂ. નિર્દોષાનંદ સ્વામીએ કહ્યું કે આ મૂર્તિ હવે ન પૂજાય. તેની જગ્યાએ બીજી મૂર્તિ પધરાવો. અને ખંડિત મૂર્તિને સમુદ્રમાં પધરાવી દો. પણ આ મંદિરના હરિભક્તોએ અમુક દિવસ પછી વિચાર કર્યો કે આ હનુમાનજીની ખંડિત મૂર્તિ સમુદ્રની રેતીમાં દાટી દઈએ. તેથી એક દિવસ આ ખંડિત રોકડિયા હનુમાનજીની મૂર્તિ ગાડામાં મૂકીને સમુદ્રની રેતીમાં દાટવા લઈ જતા હતા પરંતુ રસ્તામાં ગાડાનું એક પૈડું તુટી ગયું. તેથી બીજા ગાડામાં આ ખંડિત મૂર્તિ મૂકી અને ફરીથી દાટવા રવાના થયા. ત્યાં તો ગાડાનો ધરો તૂટી ગયો. પછી તરત જ રસ્તે પસાર થતાં ખટારાવાળાને વિનંતી કરી. અને આવી મુશ્કેલીની માહિતી થી વાકેફ કરી ધાર્મિક કામમાં મદદ કરવા કહ્યું કે આ ખંડિત હનુમાનજીની મૂર્તિ દરિયામાં પધરાવવી છે. તે માટે ભાડું તમને આપીશું. તેથી ખટારાવાળા ડ્રાઈવર આ ધાર્મિક કામ માટે તૈયાર થયા. પછી ખંડિત મૂર્તિ ખટારામાં મૂકી ડ્રાઈવર ખટારો ચલાવે તો ખટારો આગળ ન ચાલે. પરંતુ ખટારો રિવર્સમાં ચાલે. તેથી ડ્રાઈવરભાઈએ નીચે ઉતરી તપાસ કરી. તો આ ટ્રક બરાબર હતી. ફરીથી ટ્રક ચલાવવા શરૂ કર્યું તો પણ ટ્રક પાછળ જ એટલે કે રિવર્સમાં ચાલે. ગામના હરિભક્તો ટ્રક્માં બેઠેલ હતા. તેઓ અંદરો અંદર વાતો કરે. પહેલા ગાડાનું પૈડું ભાંગ્યું. પછી બીજુ ગાડું કર્યું તો તેનો ધરો તૂટ્યો. અને હવે આ ટ્રકમાં ખંડિત રોકડીયા હનુમાનજીની મૂર્તિ મૂકીને ડ્રાઈવર ચલાવે છે. તો ટ્રક આગળ ચાલતી નથી. પરંતુ રિવર્સમાં ચાલે છે. આમ આ વાર્તાલાપ ટ્રકના ડ્રાઈવર સાંભળી ગયો. તરત જ ડ્રાઈવરે નીચે ઉતરીને હરિભક્તોને કહ્યું, ‘‘મારે મૂર્તિ નથી લઈ જવી. અને ભાડુ પણ નથી જોઈતું. તમારે જે કરવું હોય તે કરો. અને મૂર્તિ નીચે ઉતારી લો.’’ પછી ગામના હરિભક્તો અને જુવાનિયાઓએ વિચાર કર્યો કે ટ્રકમાંથી મૂર્તિ ઉતારી લઈને રાત્રે આ ખંડિત મૂર્તિ ઉપાડી સમુદ્રની રેતીમાં ખાડો ખોદો દાટી આવીશું. અને તે રાત્રે મૂર્તિ લઈ સમુદ્ર કિનારે ગયા. ત્યાં સમુદ્ર કિનારે ખાડો ખોદ્યો. આ મૂર્તિ મૂકવા સૌ ગયાં. તો તરત જ વાવાઝોડું થયું. વધુમાં વાવાઝોડા સાથે રેતી, કાંકરી અને ચોળીયું વગેરે મૂર્તિ મૂકનારાઓને એકાએક વાગવા લાગ્યા. તેથી બધા ભાગી પોતાના ગામ જીરાગઢ હરિ મંદિરમાં આવ્યા. તરત જ રોકડિયા હનુમાનજી એક હરિભક્તના પંડમાં આવી જોરથી ત્રાડ નાંખી બોલ્યા, ‘‘મને દાટી દેવો છે એમ? દાટી તો જુઓ ! એક એકના જીવ લઈશ. આ મંદિરમાં જ મને પધરાવો. ભલે હું ખંડિત હોઉ. પરંતુ તમારું બધું કામ કરીશ.’’ આવી દિવ્ય વાણી સાંભળી ફરીથી હરિભક્તોએ ખંડિત રોકડીયા હનુમાનની મૂર્તિ પ.પૂ. નાના નંદ સ્વામી હસ્તે મંદિરમાં પધરાવી. અહીં જે કોઈ ભક્તો રોકડિયા હનુમાનજીની માનતા/બાધા રાખે છે તે પૂરી થાય છે. આવો ચમત્કાર ખંડિત રોકડિયા હનુમાનજીનો હાલમાં પણ છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી દર વર્ષે પાટોત્સવ પ્રસંગે પધારીને અલૌકિક લાભ આપે છે.

# શ્રીહરિના ધામની પ્રાપ્તિનો ઉપાય

- પટેલ ગોરધનભાઈ શંકરદાસ

અમરસંગજીને મેઘપુરમાં ઉદ્ધવાતાર સ.ગુ. શ્રી રામાનંદ સ્વામીના સમયમાં સત્સંગ થયેલ, તે સ્વામીનાં દર્શન કરવા ગયા હતા. ત્યારે સ્વામીએ ''ધર્મનો મહિમા'' અને જન્મ મરણના દુઃખની તથા જમપુરીના કષ્ટોની વાત કરી અને કહ્યું, ''જે શ્રીહરિને નથી ભજતા અને સદાચાર ધર્મ નથી પાળતા તેને જમ લઈ જાય છે ને નરકના કુંડમાં નાખે છે'' ત્યારે અમરસિંગે કહ્યું ''મને તો તમારે બ્રહ્મમહોલમાં તમારા ઢોલિયાના પાયા પાસે બેસાડવો જ પડશે. પ્રત્યુતરમાં સ્વામીએ કહ્યું,'' પ્રથમ તમારે આ હોકો તથા અફીણ પીવો છે તે મૂકી દેવું પડશે. જો તમારે અમારી સમીપમાં રહેવું હોય તો ! એટલે તે તજી અમરસંગજી એકાંતિક ભક્ત થયા. તેમની દીકરા કરસનજી પાસે મહારાજે કુરાન બોલાવેલ ને તેમની દીકરી લાડકીબાઈને મહારાજે સમાધિ કરાવી હતી. લાડકીબાઈ સમાધિવાળા કહેવાતાં. જેમણે મહારાજને કહ્યું ''મહારાજ મારે પરણવું નથી,'' ત્યારે મહારાજે કહ્યું. ''તને સંબંધીઓ પરાણે પરણાવશે તો તું શું કરીશ ?'' લાડકી બાઈએ ઉત્તર આપ્યો - ''દેહનો ત્યાગ કરીશ,'' મહારાજ કહે ''લાડકીબાઈ, દેહ મૂકાવવો ને સાચવવો એ તો ભગવાનના હાથની વાત છે અને મારી મરજી વિના રે કોઈ તરણું તોડી ન શકે.'' ત્યારે બાઈએ હઠયોગે કરીને નાડીપ્રાણ તાણવા માંડ્યા. પણ દેહ મુકાણો નહિ ત્યારે લાડકીબાઈને સમજાણું ''સ્વધર્મે યુક્ત એવા જે ભગવાનના ભક્ત તેના અંતર વિષે તો પોતાનું યથાર્થ પૂર્ણ કામ પણું મનાતું નથી ને પૂર્ણ કામ પણું તો આત્માનિષ્ઠાને ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન-'' સર્વકર્તા હર્તા ભગવાન છે. આત્મા સ્વતંત્ર નથી સ્વતંત્ર તો એક માત્ર પરમાત્મા છે.'' એ વાતની સમજણે કરીને થાય છે, એ બેમાં જેટલી ન્યુનતા રહે છે તેટલી પૂર્ણકામપણામાં ન્યુનતા રહે છે. જે ઉપાસના અને સમાધિમાં રહે છે માટે ભગવાનના ભક્તે પોતાનું સ્વરૂપ તો આત્મા છે દેહ નથી. જે આત્મા સ્વતંત્ર છે, પણ પરમાત્મા આગળ પરતંત્ર છે. માટે આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિર થઈને અન્તર્યામી એવા પરમાત્મા શ્રીહરિમાં અર્પણ થઈને રહે ત્યારે નિર્વિકલ્પ સમાધિમાં જઈને બ્રહ્મલોકને પામવાનું સુખ ભોગવે. માટે સર્વ કામ, ક્રોધ-લોભ, મત્સર આદિ વિકારોનો ત્યાગ કરી હું આત્મા છું. અને શ્રીહરિનો આશ્રિત દાસ છું.

मनोबुद्धयहंकार चित्तानि नाहं
न च क्षोत्रजिहवे न च ध्राण नेत्रे ।
न च व्योम भूमिर्न तेजो न वायुः
चिदानंदरुप शिवोऽहम् शिवोऽहम् ॥

પણ હું મન, બુદ્ધિ, અહંકાર કે ચિત્તરુપ નથી, તેમજ હું કાન, જીભ, નાક કે આંખો નથી અને હું આકાશ, પૃથ્વી તેજ કે વાયુનો બનેલો દેહ નથી હું તો મંગલકારી, કલ્યાણકારી ચિદાનંદ સ્વરૂપ આત્મા છું.

આ સર્વે વાતનો મર્મ સમજી શ્રીહરિના લાડીલા સત્સંગી બનવું હોય તો શ્રીહરિની પ્રાર્થના માત્ર વાચામાં નહિ પણ આચરણમાં મૂકીએ - આ રહી પ્રાર્થના :

નિર્વિકલ્પ ઉત્તમઅતિ નિશ્ચય તવ ઘનશ્યામ,
માહાત્મ્યજ્ઞાન યુક્ત ભક્તિ તવ એકાંતિક સુખધામ.

અને શ્રીહરિએ આપેલ એકાદશ નિયમ દૃઢતાથી પાળીએ. (૧) હિંસા ન કરવી જંતુ કી (૨) પરત્રિયા સંગ કો ત્યાગ (૩) માંસ ન ખાવત્ મધકું (૪) પીવત નહિ બડ ભાગ્ય (૫) વિધવાકું સ્પર્શ ત નહિ (૬) કરત ન આત્મઘાત (૭) ચોરી ન કરની કાહુંકી (૮) કલંક ન કોઈકું લગાત (૯) નિંદત નહિં કોઈ દેવકું (૧૦) બિન ખપતો નહિ ખાત (૧૧) વિમુખ જીવ કે વદનસે કથા સુની નહિ જાત. અને શ્રીહરિએ ગ.પ્ર. વચનામૃતમાં કહ્યું છે તેમ ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખી જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ નો ભેદ સમજી આત્માને તત્ત્વે સહિત ઓળખી - ''આત્માને બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ અર્થે શ્રીહરિની મૂર્તિ'' - તે તો ચિંતામણી તુલ્ય છે તેનું ચિંતવન કરીએ તો બ્રહ્મસ્વરૂપ પ્રાપ્ત થાય અને સર્વ માયિક ઉપાધિ નિવૃત્તિ પામે અને પોતાનો જીવાત્મા પોકારી ઉઠે.

न पुण्यं न पापं न सौख्यं न दुःखं
न मंत्रो न तीर्थं न वेदा न यज्ञाः ॥
अहं भोजनं नैव भोज्यं न भोक्ता
चिदानंदरुपः शिवोऽहम् शिवोऽहम् ॥

આ વાતનું તત્ત્વજ્ઞાન એટલે બ્રહ્મ આત્માનું પરમાત્મા સાથેનું મિલન. બ્રહ્માનંદ સ્વામીનું શ્રીહરિ સાથેનું મિલન થયુ ત્યારે તેમના હૃદયમાં નાદ ઉઠ્યો. ''રે સગપણ હરિવરનું સાચુ, બીજું સર્વે ક્ષણભંગુર કાચું, રે સૌ સાથે પ્રીતિ ટાળી રે, ભાગ્યું મન મિથ્યા ભાળી છે વરવા જેવા એક વનમાળી''

## સત્સંગ સુરભિ

અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

### મારા તમે ! તમે છોને !

આજે નાનકડું બાલા ગામ નવોઢાની જેમ સોળે શણગાર સજીને દીપી રહ્યું છે. અનેકનાં અંતરોને અજવાળી રહેલો સહજાનંદ-સૂરજ આજે સૌરાષ્ટ્રના આ ટચૂકડા ગામને અંજવાળી રહ્યો છે. ગામના હરિભક્તોના આનંદનો પાર નથી. ઠેર ઠેર ધ્વજ પતાકાઓ લહેરી રહી છે, ગાર માટીનાં ઘરો ચોખ્ખા ચણાક બનીને શ્રીજીને આવકારવા આતુર બન્યાં છે.

સવારે નવ વાગ્યે મહારાજની પધરામણી થઈ. આખું ગામ ભાંગોળે, શ્રીહરિને પોંખવા જાણે ભેગું થયું છે. સોનેરી પાઘ અને છોગલું, શ્રીહરિનાં અનુપમ તેજને અદકેરો ઘાટ આપી રહ્યા હતા. ઢોલ શરણાઈ અને પુષ્પોના પમરાટથી ગામ મહેકી ઊઠ્યું. વાજતે ગાજતે શ્રીહરિની શોભા યાત્રા શરૂ થઈ. સૌ આગળ મન મૂકીને નાચે છે. "મારે આજ પ્રીતમ ઘેર આવ્યા.........."

શ્રીજી મહારાજ સખા અને સંત મંડળ સહિત એક ભક્ત રાજના ઘરે પધાર્યા છે. ચોકમાં સર્વે જનો ભેગાં મળ્યા છે. મહારાજ આ ભોળાં જનોના ભાવભીના સામૈયાથી ખૂબ હરખાયા. ઢોલિયા ઉપર બિરાજ્યા. ભક્તોએ એમની પૂજા કરી.

એમાં ગામનાં એક વૃદ્ધ બાઈ પણ હતાં. શ્રીજી મહારાજને પહેલ વહેલાં જોયા. એમની આંખો શ્રીહરિના વદન કમળ ઉપર ભ્રમરની જેમ ચોંટી ગઈ ! અનિમિષ નયને શ્રીહરિને નીરખવાં લાગ્યા.

"મા શું વિચારે છો ? મહારાજે મલકાતા મલકાતા પૂછ્યું, "વિચાર કરું છું કે મારે તમને કાંઈક આપવું છે, પણ શું ધરવું ? મહારાજ, તમે જ કહોને, તમને શું આપું?" બાઈએ મહારાજ ઉપર છોડ્યું, "મહારાજ જે કહેશે તે હું આપીશ - મહારાજ રાજી તો આખો મલક અને મારો મનખો પણ રાજી !"

આસપાસ બેઠેલા હરિભક્તોને નવાઈ લાગી કે મહારાજ ભક્તને માગવાનું કહે તે બરાબર પણ આ બાઈ શું જોઈને મહારાજને માગવાનું કહેતાં હશે ? મહારાજ તો અનંત કોટી બ્રહ્માંડોના અધિપતિ - એમને વળી માગવાનું કેવું ?

"બસ મહારાજ ! કંઈક માગો ! તમે કહો તે આપું ! વૃદ્ધા એ તો પોતાનો આગ્રહ બરાબર પકડી રાખ્યો."

લોકો મનમાં વિચારે "ઓહોહો ! આ બાઈ તો જાણે એમની પાસે મોટાં રાજપાટ હોય એવી વાત કરે છે ! ગાંડા થઈ ગયાં લાગે છે !"

મહારાજ ફરી મલકાયા. એમના મુખનો બોલ સાંભળવા સૌ આતુર બન્યા.

"મા તમારો આટલો આગ્રહ છે તો કહું છું કે - અમારા સંતો ખુશ થાય તો એમને જે વહાલામાં વહાલું હોય તે અમને આપે, તેમ તમે પણ તમને જે વહાલામાં વહાલું હોય તે અમને આપો !"

"આપ્યું !" આટલું કહી બાઈ ત્યાંથી નીકળ્યા ને પોતાને ઘેર આવ્યાં.

ઘરના આંગણે એકની એક કપિલા ગાય બાંધેલી હતી. ગાયની ડોક પર વહાલથી હાથ ફેરવી માજી કહે "આ ગાય મને ખૂબ જ વહાલી છે. એ જ હું મહારાજને આપું !"

એ પછી બાઈ ઘરમાં આવ્યાં. લાકડાના મોટા પટારામાં રૂપિયા અને દાગીના હતા. જીવન ભરની પૂંજી એમાં હતી. "ગાય કરતાં આ પટારો મને વધારે વહાલો છે, એમાં દાગીના-રૂપિયા છે તો આ પટારો જ હું મહારાજને આપું !"

આમ વિચાર કરતાં હતાં ત્યાં એ બાઈનાં બે દીકરાં બહારથી આવ્યા અને દોડતાં આવી માના પાલવને પકડીને કહે, "મા તું અહીં ઊભી ઊભી શું કરે છે ?"

બાઈએ તરત જ બેઉ છોકરાઓને ગોદમાં લીધા. એમનાં મોમાંથી શબ્દો સરી પડ્યા : "પટારા કરતાં તો આ બંને દીકરા મને ખૂબ વહાલા છે, મહારાજને આ

મારા દીકરાઓ જ આપું.'' છોકરાઓએ સહજ કુતૂહલતાથી પૂછ્યું, ''તે મા, તારે કોને શું આપવું છે ?''

બાઈએ વહાલથી બેઉ છોકરાઓના મસ્તક ઉપર હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું, ''ગામમાં શ્રીજી મહારાજ પધાર્યા છે.''

''અમને ખબર છે મા, અમેય એમના દર્શન કરવા ગયા હતા.'' બાળકો બોલ્યા.

''હું એમને પગે લાગી અને મેં કહ્યું - મહારાજ હું તમને શું આપું ? ત્યારે મહારાજ કહે કે તમને જે વહાલામાં વહાલું હોય તે આપો.'' બાઈ બોલી.

તે આપને મા ! છોકરાઓ ફટ દઈ બોલ્યા, ''મને વહાલામાં વહાલા તો તમે બે દીકરા છો.'' માનું અંતર બોલી ઉઠ્યું.

છોકરાઓએ કહ્યું, ''તે અમને દઈ દો ! પછી મહારાજ અમને સાધુ કરશે નહિ મા ? અમને એમની સેવામાં રાખશે - એ તો બહુ રૂડું !''

દીકરાઓનો ત્વરિત સમર્પણ ભાવ જોઈ વૃદ્ધ માની આંખોમાં સંતોષના અને હર્ષનાં આંસુ આવી ગયા.

તત્કાળ બંને દીકરાઓની આંગળી પકડી એમને લઈને બાઈ મહારાજ પાસે આવ્યાં. હજુ સભામાં વાર્તા ચાલી રહી હતી. બાઈ પગે લાગી બોલ્યા, ''લ્યો મહારાજ ! મારી વહાલામાં વહાલી જણસ તો મારા આં બે દીકરા છે, તે તમને સોંપુ છું.''

આખી સભા સ્તબ્ધ થઈ ગઈ. જે બાઈને આપણે ગાંડી ગણતા હતાં તે મહારાજને આ શું આપી રહી છે ? દીકરાઓ આપ્યા પછી આ વૃદ્ધ વિધવા બાઈની જીંદગીનું શું ? સૌ આશ્ચર્યચકિત બની આ અદ્‌ભુત ત્યાગને નિહાળી રહ્યા.

મહારાજે મંદ સ્મિત કરી કહ્યું, ''માજી, બેઉ દીકરા અમને દીધાં પછી તમારું કોણ ?''

બાઈએ તરત જ જવાબ દીધો, ''મારા તમે ! તમે છો ને ? હું ખોટનો ધંધો નથી કરતી હોં !''

શ્રીહરિ આ બાઈ ભક્તની શ્રદ્ધા ઉપર વારી ગયા. વૃદ્ધ વયે આવો અદ્‌ભુત ત્યાગ જોઈ મહારાજનું મુખ એકદમ મલકી ઉઠ્યું.

મહારાજ બોલ્યા, ''સાચું કહ્યું મા, અમારા ઉપર શ્રદ્ધા રાખવામાં અમારો કોઈ ભક્ત ક્યારેય ખોટનો ધંધો નથી કરતો. જેવા અમે છીએ તેવા જ સર્વોપરિ અમારા ભક્તો છે. ધન્ય છે મા તમને !''

શ્રીજી મહારાજે બેઉ દીકરાઓનો સહર્ષ સ્વીકાર કર્યો. દીકરાઓ સાધુ બની મહારાજની સેવામાં કાયમ રહ્યા.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય ઉજ્જવળ બન્યો છે. માતાઓના આવા ત્યાગને લીધે અને હરિભક્તોની આવી અવિચળ નિષ્ઠાને લીધે !

## ''ઠાકોરજીની સેવારીતિ'' પુસ્તિકાનું પ્રકાશન

પરમપૂજ્ય મોટા મહારાજશ્રીના સંકલ્પ આશીર્વાદથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પ.ભ. ગોરધનભાઈ સીતાપરા (શ્રી સ્વામિનારાયણ માસિકના લેખક) દ્વારા લખાયેલ ઠાકોરજીની સેવા રીતિ પુસ્તિકામાં સર્વોપરિ શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં જે આજ્ઞા કરી છે તે મુજબ આપણા વૃદ્ધ સંતોનો અભિપ્રાય લઈ તેમજ ઠાકોરજીની સેવામાં કાર્યરત રહેલ બ્રહ્મચારીઓની સલાહ લઈ વૈષ્ણવ સંપ્રદાયના શ્રી વિઠ્ઠલનાથજીની સેવારીતિની અદ્‌ભુત પરંપરાનું પુસ્તિકામાં વર્ણન કર્યુ છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આપણા મંદિરમાં ઠાકોરજીની પૂજા કરનાર પૂજારીઓ અને દરેક શિખરબધ્ધ મંદિરના મહંત સ્વામીઓને આ પુસ્તિકા મંદિર તરફથી ભેટ આપવામાં આવશે. નવી પેઢીના યુવાન પૂજારીઓ માટે આ પુસ્તિકા ખૂબજ માર્ગદર્શક બનશે.

- આજ્ઞાથી મહંત સ્વામી

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સહજાનંદીસિંહ કેમ થવાય ?

- શાસ્ત્રી હરિપ્રિયદાસજી (ગાંધીનગર)

મિત્રો ! આપણે સત્સંગી છીએ. સ્વામિનારાયણ ભગવાનનાં ભક્ત છીએ. એની ખુમારી રાખવી. ઉત્તર ગુજરાતમાં એક ભાઈને સરકારમાં મંત્રીપદ મળ્યું. એ સત્સંગી હતા. એમનું કુટુંબ મંદિરે રોજ આવતું. તે બીજા દિવસથી બધા મંદિરે આવતા બંધ થઈ ગયા. કોઈ સાધુએ એમને પૂછાવ્યું કે કેમ કોઈ મંદિરે નથી આવતા, તો કે હવે શરમ આવે છે. હવે મંત્રી થયા ને એમના ઘરવાળા કંઈ સ્કૂટર ઉપર આવે ! હવે તો સરકાર ગાડી એલોટ કરશે પછી ગાડીમાં બેસીને આવશું. એક મંત્રીના ઘરવાળાંને જો આટલો કેફ આવતો હોય તો આપણે સ્વામિનારાયણ ભગવાન સાથે જો જોડાણ કર્યું છે. "હથેવાળો હરિ સંગાથે મેં કીધો" તો એવો કરંટ આપણામાં કેમ ન આવે. સત્સંગીમાં ત્રણ વૃત્તિ ન જોઈએ. આ ત્રણ વૃત્તિથી ચેતજો. આપણા સંતો એક દૃષ્ટાંત ઘણી વાર આપે છે. કોઈ મદારી ચોમાસામાં એક ગામથી બીજે ગામ પસાર થતો હતો. એ મદારીની પાસે ત્રણ પ્રાણી હતાં. એક સર્પ હતો. બીજું માકડું હતું અને ત્રીજું બકરું હતું. રસ્તામાં નદી આવી. નદીમાં પાણી હતું. મદારીને મનમાં ઈચ્છા હતી કે આ ત્રણેને નદીની પાર લઈ જવા છે. સર્પ નો કરંડીયો માથા ઉપર મૂક્યો. ખભા ઉપર માકડું બેસાર્યું અને બગલમાં બકરું દબાવ્યું અને નદીમાં પડ્યો. મદારીને તરત આવડતું હતું એમાં માકડું સ્વભાવ ઝળકાવ્યા વિના રહ્યું નહિ. છાંટા પડવા મંડ્યા એટલે તરત જ સર્પનું કરંડીયાનું ઢાંકણું હતું તે ઉંચકીને પોતાને માથે મૂક્યું. પણ સર્પને છાંટા પડ્યા તે એ સહન ન કરી શક્યો એ તો સરકીને ગયો પાણીમાં એને પકડવા ગયો ત્યાં માંકડાએ કૂદકો માર્યો. કૂદકો મારતા માંકડાને ઝાલવા ગયો. ત્યાં બકરું બેં બેં કરતું ગયું. ત્રણેયને બચાવવાનાં હતાં પણ ત્રણે તણાઈ ગયાં. આ તો દૃષ્ટાંત છે. હવે એનો સિદ્ધાંત સમજીએ.

સર્પ, માકડું અને બકરું એ ત્રણેય વૃત્તિ છે. જીવમાં ફૂંફાડો મારવાની વૃત્તિ એ સર્પ વૃત્તિ છે. અસ્થિર મનોવૃત્તિ એ માકડાંની મનોવૃત્તિ છે અને નિર્માલ્ય મનોવૃત્તિ એ બકરાની વૃત્તિ છે. ફૂંફાડો મારવાની ટેવ બહું સારી નહીં. સ્વામિનારાયણ ભગવાન કે છે આ સર્વ સંતો સત્સંગીઓ અમારા સગા-વ્હાલા છે. અત્યારે ભેળા છીએ. અને ભવિષ્યમાં પણ ભેળા રહેવાનું છે. છૂટા પડવા માગીએ છતાં પણ છૂટા પડાશે નહિ, આપણે કાયમ આલોક અને પરલોક એટલે અક્ષરધામમાં ભેગા રહેવાનું છે. આપણા સંતો કહે છે સર્પવૃત્તિ એટલે અહંકાર, વાતવાતમાં ફૂંફાડો મારવાનો સ્વભાવ ભગવાનના ભક્તને શોભે નહિ, બીજાને ભજન કરતા દેખીને રાજી થાય. કોઈ કદાચ વઢી જાય તો સહન કરી લેવું. વિચારવું કે મારા છે મને વઢે છે. કોઈ પારકો ન વઢે. બાળકને કોણ ટપલીઓ મારે ખબર છે. એની મા જ બીજા કોઈ ન મારે. બીજી બેન કોઈ ટપલી મારે તો ઝગડો થઈ જાય. એમ આપણા વિશે જેને હેત છે એ જ સંતો કે ભક્તો આપણને એ શબ્દો કહે. સંતનો, વડીલનો, ભક્તોનો ઠપકો સહન કરે તેનો અહં જીતાય. બીજી અસ્થિર વૃત્તિ. સ્વામી તકલીફ છે. શું કરું. સ્વામી કે રોજ અગિયાર માળા ફેરવજો. તો અઠવાડિયામાં પાછો આવે. અગિયાર માળા ફેરવી પણ ફેર પડ્યો નહિ. પણ ભાઈ થોડી શાંતિ રાખ. વાવો એની સાથે કંઈ કેરીઓ આવે ! થોડી શાંતિ રાખો. પહેલો પ્રયત્ન કરવો. પછી પ્રાર્થના કરવી. પછી પ્રતિક્ષા કરવી અને પછી જ સફળતા મળે. માણસની મનોવૃત્તિ એટલી અસ્થિર એક ભાઈ બહું દુઃખી, પેટમાં ચૂંક આવ્યા કરે ને વૈદ્યની પાસે ગયો. બે પડીકી ખાધી ના મટ્યું. ડોકટર પાસે ગયો બે ઈન્જેકશન ખાધા ન મટ્યું. પછી ત્રીજા પાસે ગયો ન મટ્યુ. પછી ભૂવા પાસે ગયો. ક્યાંય ન મટ્યું. આ અસ્થિર મનોવૃત્તિ કહેવાય .એના કરતા એક દવા સરખી ચાલું રાખી હોત તો મટી જાત. બદલ બદલ ન કરાય. આમ ભગવાનમાં અને સંતમાં શ્રદ્ધા હોય તેની ચંચળ વૃત્તિનો નાશ થાય.

અને ત્રીજી નિર્માલ્ય વૃત્તિ જે ભગવાનના ભક્તને ન

શોભે. ભજન-ભક્તિ કથા વાર્તામાં ક્યાંય ઉત્સાહ ન હોય. જેને ઈચ્છા થાય તે ખેંચી જાય. જેમ બકરાં તો કાન ઝાલીને મન ફાવે તેમ ખેંચી જાય પણ સિંહને કોઈ અડે ? એમ નિર્માલ્ય વૃત્તિવાળાને સત્સંગના નિયમોમાંથી મિત્રો કે બીજા કોઈ દોરી જાય પણ શૂરવીર ભક્તને કોઈ ડગાવી ન શકે. સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરિ ઉપાસના જેનામાં હોય તેનામાંથી નિર્માલ્ય વૃત્તિ જતી રહે અને એનામાં શૌર્ય આવે, સહજાનંદ સિંહ બની રહેવાય.

માટે આપણે ભગવાનના ભક્ત છીએ તો ઉપરની ત્રણે વૃત્તિઓને છોડીને શૂરવીર થઈ પ્રભુનું ભજન કરવું.

●

## ધન્ય છે આ વિશ્વાસને !

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

મિત્રો ! શું જીંદગી એક માત્ર શ્વાસથી ચાલે છે ? તમે કહેશો કે હા. શ્વાસ બંધ થાય તો જીંદગી પુરી થઈ જાય. પણ એવું નથી. માત્ર શ્વાસ જ જીવન નથી. એ અધુરુ જીવન છે. જીંદગી તો માત્ર શ્વાસથી નથી ચાલતી. જીંદગીને ચલાવવા વિશ્વાસ પણ અનિવાર્ય છે. તમને ન મનાતું હોય તો જુઓ ! આ દૃષ્ટાંત ! (પછી તમે જરૂર સ્વીકારશો કે શ્વાસ તો ફક્ત શરીરનું નિયંત્રણ જ કરે છે, જ્યારે વિશ્વાસ જ સાચો જીવનનો આધાર છે.)

એક જંગલમાં આશ્રમ હતો. આશ્રમમાં એક મહાત્માજી રહેતા. મહાત્માજીની સાથે સો જેટલા શિષ્યો હતા. આ શિષ્યો પોતાના ગુરુની સેવા-ચાકરી કરતા. વેદ-વેદાંતના રહસ્યો શીખતા. ગાયો ચારતા, છાણ-વાસીદા કરતા, આશ્રમને નિત્ય સાફ રાખતા. લીંપણ પણ કરતા. શિષ્યો બધા જ સરખા ન હોય. પણ ગુરુનો પ્રભાવ એવો હતો કે સૌ એકબીજાની આમન્યા જાળવતા. બધા શિષ્યો એમ માનતા કે અમારા માર્ગદૃષ્ટા ગુરુ જો અમારી ઉપર નારાજ થાય તો પછી અમારું કોણ ? આવી પવિત્ર ભાવના જ સંપ અને શાંતિનો પાયો છે.

આ મહાત્માજી પણ સરળ ચિત, શાંત મનોવૃત્તિવાળા તથા ધૈર્યની મૂર્તિ સમાન હતા.

એક દિવસ ગુરુએ તેમના એક શિષ્યને સાથે લઈ યાત્રાએ નીકળ્યા. શિષ્ય પોતાના ગુરુની અન્ન-જળે કરીને ખૂબજ સેવા કરતો. ગુરુ સૂતા હોય તો ચરણ દાબતો, વસ્ત્રથી પવન નાખતો. એક દિવસ એક વૃક્ષ નીચે ગુરુ સૂતા હતા. બાજુમાં તેમનો શિષ્ય સૂતો હતો. અને તેજ સમયે એ વૃક્ષની પાસે એક સર્પ આવ્યો. ગુરુ અચાનક જાગી ગયા. તેમની નજર પડી. અરેરે, સાપ છે. અહીં નજીકમાં જ આવી રહ્યો છે. તેમણે લાકડી હાથમાં લીધી. જરાક પછાડી સર્પને ચેતવ્યો. પણ આ સર્પ કોઈ સામાન્ય સર્પ ન હતો. પૂર્વનો વાસનિક હતો. મનુષ્યના અવાજમાં બોલવા લાગ્યો. મને અટકાવશો નહિ. મારે બદલો લેવો છે. ગુરુએ પૂછ્યું. કોની પાસેથી ? તમારા આ શિષ્ય પાસેથી. મારો એ પૂર્વનો વેરી છે. ગુરુ બોલ્યા, વેરની ભાવના તો લોહી સાથે હોય. તું આને કરડીશ તો તે મરી જશે. તારે આને કરડીને શું કામ છે. હું તને મારા શિષ્યનું લોહી આપું. સર્પે કહ્યું, ગળાના લોહીથી જ મારી વેરભાવના ટળશે. ગુરુ એ કહ્યું, લોહી જોઈ તું જતો રહીશને ? વાસનિક સર્પે હા કહી, ગુરુએ પોતાની ઝોળીમાંથી છરો કાઢ્યો, શિષ્યની છાતી પર બેઠા. જરા મનથી કલ્પના તો કરો. "આવું દૃશ્ય જોઈ તમારી શું સ્થિતિ થાય" પણ આ શિષ્ય કંઈક અજબ માટીનો નીકળ્યો. જરાક આંખ ઉઘાડી જોયું. મારા જ ગુરુ મારી છાતી પર બેઠા છે. કાંઈ વાંધો નહીં. આંખ પાછી મીંચી દીધી. કોઈ ભય નહિ, ઉચાટ નહિ, મનમાં કોઈ સંકલ્પ-વિકલ્પ નહિ. સ્વસ્થતા પૂર્ણ પાછો ઘસઘસાટ જેવો ઉંઘતો હતો તેવો સૂઈ ગયો. પણ હવે ? ગુરુએ ગળામાં છેદ પાડ્યો. શિષ્યએ જરા આ ઉહંકારો કર્યો. પણ આંખો ખોલી નહીં. ગુરુ વિચારમાં પડી ગયા. ખરો વિશ્વાસુ છે. લોહી ગળામાંથી વહેવા લાગ્યું. એક પાંદડા ઉપર લઈ સર્પને બતાવ્યું. સર્પની વેરભાવના તૃપ્ત થઈ સર્પ ચાલ્યો ગયો.

ગુરુએ તરત ઝોળીમાંથી હળદર કાઢી શિષ્યના ઘા પર દાબી દીધી. શિષ્યના ગળાનો ઘા રુઝાયો. લોહી નીકળતું બંધ થયું. ગુરુ શિષ્યને લઈ યાત્રામાં આગળ વધ્યા. શિષ્યના મુખ પર ભય કે શંકાના બદલે પ્રસન્નતા હતી ! ત્યારે ગુરુના મુખ પર આજે બેચેની અને વ્યાકુળતા જણાતી હતી. ગુરુ વિચાર કરે છે. હમણા પૂછશે, હમણા પૂછશે કે તમે મારી છાતી પર કેમ બેઠા ? મારા ગળામાં છેદ કેમ પાડ્યો ? પણ આ શું ? કાંઈ જ પૂછતો નથી.

હવે ગુરુથી રહેવાતું નથી. ગુરુ શિષ્યને પૂછે છે અલ્યા

મારા હાથમાં છરો હતો. હું તારી છાતી ઉપર બેઠો હતો. તને જરાયે બીક ન લાગી. જરા આંખ ઉઘાડીને પછી બંધ કરી દીધી. તને વિચાર પણ નથી આવતો કે તમે શા માટે મારા ગળામાં છેદ પાડ્યો. ત્યારે શિષ્ય કહે છે. ગુરુદેવ આજ સુધી તમે અમારી ચિંતા જ કરી છે. અમારા સુખ માટે જ તમે પ્રયત્નો કર્યા છે. તે તમે જે કર્યું હશે એ મારા સારા માટે જ હશે ને ! ગુરુએ બધી હકીકત જણાવી. સર્પ દંશથી બચાવી' જીવતદાન આપ્યું. શિષ્ય આ વાત સાંભળતા નવાઈ પામ્યો. મારો તો ફક્ત વિશ્વાસ પણ એક વિશ્વાસમાં મારા ગુરુએ મારું જીવન બચાવ્યું. શિષ્યની શ્રધ્ધા ભાવનામાં વૃદ્ધિ થઈ અને ગુરુની પ્રસન્નતા પણ મળી. મિત્રો ! હવે કહો જીંદગી શ્વાસથી ચાલે છે કે વિશ્વાસથી ? વિશ્વાસથીને !!! તો આવો દૃઢ વિશ્વાસ સદાય આપણા ઈષ્ટદેવમાં તથા ગુરુમાં રાખજો તો જરૂર સુખને પામશો. માટે જ સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં સ્વમુખે કહ્યું છે ચાર પ્રકારના ભક્તોને મૃત્યનો ભય હોતો નથી. તેમાં ''વિશ્વાસુ'' ભક્ત હોય તેને પણ મૃત્યુનો ભય ટળી જાય છે.

આપણા સંપ્રદાયમાં આવા તો અનેક ભક્તો થઈ ગયા કે જેમનું જીવન એક માત્ર સ્વામિનારાયણ ભગવાનના ''વિશ્વાસે'' હતું.

## આઇ.એસ.એસ.ઓ. સેવા

**પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા અને પ.પૂ.મોટા મહારાજશ્રીના આશીર્વાદથી**

વિદેશમાં સ્વાસ્થ્ય ક્ષેત્રે કાર્યરત આપણી સંસ્થા આઇ.એસ.એસ.ઓ. સેવા દ્વારા અવારનવાર વિવિધ પ્રકારના હેલ્થ ચેક અપ ફેર યોજાતાં હોય છે. વર્ષ ૨૦૦૯નાં છેલ્લા ત્રણ માસ દરમ્યાન એટલેકે ઓક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બર-૨૦૦૯ દરમ્યાન સંસ્થા દ્વારા નીચે દર્શાવ્યા મુજબની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવેલ છે.

(૧) ફ્લુ વેક્સીનેશન હેલ્થ ફેર - કોલોનીયા, ન્યુ જર્સી તા. ૩૧ ઓક્ટોબર ૨૦૦૯ અને ૭ નવેમ્બર ૨૦૦૯
૪૫ વેક્સીનેશન્સ સ્થાનિક કોમ્યુનીટીના લોકોને આપવામાં આવી.

(૨) ફ્લુ વેક્સીનેશન હેલ્થ ફેર - સ્ટ્રોંગ્સવીલે, ઓહીયો તા. ૩૧ ઓક્ટોબર ૨૦૦૯ અને ૧ નવેમ્બર ૨૦૦૯
૭૬ ઈન્ફ્લુએન્ઝા, વેક્સીનેશન સ્થાનિક કોમ્યુનીટીના લોકોને આપવામાં આવી.

(૩) પ્રીવેન્ટીવ સ્ક્રીનીંગ હેલ્થ કેર - લોવેલ, મેસેચ્યુસેટ્સ તા. ૧૦,૧૭ અને ૧૮ ઓક્ટોબર ૨૦૦૯

★ ૧૦૫ જેટલી દરદીઓએ મોઢાનાં કેન્સર, હાઈપર ટેન્શન સ્ક્રીનીંગ, ડાયાબીટીઝ પ્રીવેન્શન અને વેક્સીન ઈમ્યુનાઈઝેશનનો લાભ લીધો.

★ ૬૫ ઈન્ફ્લુએન્ઝા વેક્સીનેશન્સ સ્થાનિક કોમ્યુનીટીના લોકોને આપવામાં આવી.

★ ૮ ડાયાબીટીસના નવા દર્દીઓને ગ્લુકોમીટર અને ટેસ્ટીંગ સ્ટ્રીપ મફત આપવામાં આવ્યા.

(૪) ફ્લુ વેક્સીનેશન હેલ્થ ફેર - પોન્ટીઆક, મીશીગન તા. ૧૮ ઓક્ટોબર ૨૦૦૯
૪૨ જેટલા સ્થાનિક કોમ્યુનીટીના હૃદય, ફેફસાં, કીડની તેમજ પાચનતંત્રના રોગોથી પીડિત દર્દીઓને વેક્સીનેશન આપવામાં આવી.

આ ઉપરાંત શ્રી સ્વામિનારાયણ મંદિર, સ્ટ્રોંગ્સવીલે દ્વારા તા. ૬ ડિસેમ્બર ૨૦૦૯થી દર રવિવારે સાંજે ૫.૦૦ થી ૬.૦૦ વાગ્યા સુધી કન્ટીન્યુટી હેલ્થ કલિનીક ચલાવવામાં આવશે. જેમાં નામાંકિત ફીઝીશ્યન, નર્સ, ફાર્માસીસ્ટ અને હેલ્થ કેર પ્રોફેશનલની કન્સલ્ટીંગ સેવાઓ તેમજ ફ્રી ડાયગ્નોસ્ટીક, સ્ક્રીનીંગ અને પ્રીવેન્ટીવ એજ્યુકેશનની સેવાઓનો લાભ મળશે.

આજ પ્રકારની ફ્રી કન્સલ્ટીંગ અને વિવિધ ડાયગ્નોસ્ટીક સેવાઓ આપતું કન્ટીન્યુટી હેલ્થ કલિનીક, શ્રી સ્વામિનારાયણ મંદિર, મીડલસેક્ષ સ્ટ્રીટ, લોવેલ દ્વારા પણ તા. ૧૨ ડિસેમ્બરથી શરૂ કરવામાં આવ્યું છે. જેમાં મહિનામાં એકવાર સાંજે ૫.૦૦થી ૭.૦૦ વાગ્યા સુધી ઉપર મુજબની સેવાઓ ઉપલબ્ધ થશે.

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી**
**"અતિ દુર્લભ મનુષ્ય-જીવનની સાર્થકતા"**

- કોટક વર્ષા નટવરલાલ (ઘોડાસર)

આજે જગતમાં જોઈએ તો માણસ મનુષ્ય-જીવનનો કેટલો બધો દૂરપયોગ કરે છે. આપણો આ મનુષ્ય-જન્મ અતિ દુર્લભ છે. કેમ કે જ્યારે ચોર્યાસી લાખ યોનિમાં ફર્યા પછી અને અનેકવાર ગર્ભનું દુઃખ સહન કર્યા પછી મનુષ્ય જન્મની પ્રાપ્તિ થાય છે. અને ગર્ભનું દુઃખ સહન કર્યા પછી મનુષ્ય જન્મની પ્રાપ્તિ થાય છે. અને ગર્ભનું દુઃખ કેવું છે ? તો શાસ્ત્રમાં આવે છે કે બધા નર્કની અંદર કુંભી-પાક નામનું નર્ક છે તે સૌથી વધારે ઘોર-નર્ક ગણાય છે. તો કુંભી-પાર્ક નર્ક કરતા પણ ગર્ભના દુઃખને શાસ્ત્રમાં વધારે ભયાનક કહેવામાં આવ્યું છે. અને ગર્ભમાંથી મુક્તિ ક્યારે થાય છે ? તો આ જીવ જ્યારે ગર્ભની અંદર હોય છે ત્યારે તેને પૂર્વના સો જન્મનું જ્ઞાન થાય છે. અને તેને ખ્યાલ આવે છે કે અગાઉ પણ હું જ્યારે ગર્ભમાં હતો ત્યારે ભગવાનની પ્રાર્થના કરીને ભગવાનને કોલ આપેલ કે પ્રભુ આ વખતે તમે મને આ દુઃખમાંથી મુક્તિ આપો. પછી હું આપના ચરણનો દાસ થઈને રહીશ. પરંતુ આ સંસારમાં આવીને જીવ આ બધું ભૂલી જાય છે. ને સંસારની મોજ-મજામાં ખોવાઈ જાય છે. આમ પરમાત્મા અનેકવાર તક આપે છે છતાં આ જીવ પોતાનું કલ્યાણ કરતો નથી. આમ આ અતિ દુર્લભ મનુષ્ય-જીવનની સાર્થકતા શેમાં છે ? તો તેના અનુસંધાનમાં પ.પૂ. ગાદીવાળાશ્રી જણાવે છે કે જેમ કોઈ એક ચિત્રકાર હોય એ તેના ચિત્ર બનાવવામાં એટલો મશગૂલ હોય છે કે આપણે જ્યારે તેને જોઈએ છીએ તો ટાઢ-તડકો ભૂખ-તરસ તેનો પણ તેને કાંઈ ખ્યાલ રહેતો નથી અને એક ધ્યાનથી પોતાનું કામ કર્યા કરે છે ત્યારે આપણને એમ લાગે કે આ ચિત્ર પુરૂ કરશે તો શું કરશે ? પરંતુ તે એક ચિત્ર બનાવીને મૂકી દે છે. અને બીજું ચિત્ર બનાવવાનું ચાલું કરી દે છે. પરંતુ તમે તમારા મનુષ્ય-જીવનને સાર્થક નહીં કરો તો નહિ ચાલે. કેમકે કેટલાય પુણ્યને અંતે આપણને આ દુર્લભ મનુષ્ય જન્મ મળેલો છે. અને ફરીને પાછો ક્યારે આપણને આ મનુષ્ય-જન્મ મળશે તેનો આપણને ખ્યાલ નથી. ફરી કદાચ મનુષ્ય-જન્મ મળે તો આ સત્સંગનો યોગ અને આવો સમય મળે કે ન મળે. માટે સત્સંગના યોગ સાથે જે મનુષ્ય-જન્મ મળેલો છે તે અતિ કિંમતી છે. તેને વ્યર્થ ન જવા દેવો જોઈએ. તો ધનની મહત્તા શેમાં રહેલી છે ? તો ધનની મહત્તા તેના સદ્‌પયોગમાં રહેલી છે. એક ખૂબ જ ધનવાન વ્યક્તિ હોય છે. એટલો બધો ધનવાન હોય છે કે તેના પાસે સોનાની ઈંટો હોય છે. છતાં પણ તે વ્યક્તિ એટલો બધો કંજૂસ હોય છે કે બિલકુલ અવ્યવસ્થિત રહેતો હતો. જે પોતાની જાત માટે પણ પૈસા વાપરે નહિ અને કોઈને વાપરવા દે પણ નહિ અને રોજ સવારે સોનાની ઈંટોની પેટી ખોલે અને તેના દર્શન કરીને પેટી મુકી દે. તેનો છોકરો ખૂબ હોંશિયાર હોય છે. તેના છોકારાને એમ થાય છે કે પિતાશ્રી ખૂબ કંજૂસાઈ કરે છે આ તો બરાબર ન કહેવાય ! એટલે તેણે પેટીમાંથી સોનાની ઈંટો કાઢી અને તેમાં એવી જ પિત્તળની ઈંટો મુકી દીધી. પરંતુ તેના પિતાને તેનો ખ્યાલ આવ્યો નહી. કારણ કે તે રોજ દર્શન કરીને મુકી દેતો જેથી તેને ખબર પડી નહી. તો તેવી રીતે આપણા મનુષ્ય-જન્મમાં પણ એવું થતું હોય છે કે નિત્ય-કર્મ પતાવી દઈએ એટલે બધું પુરુ થઈ જતુ હોય છે. પરંતુ તેમ નહિ કરતા મનુષ્ય જીવનની દુર્લભતા અને મહત્તા સમજી તેને સાર્થક કરવાની જરૂર છે. તેના માટે આપણે નિયમિત રીતે સત્સંગ અને ભજન-ભક્તિ કરતા રહેવાનું છે. માણસને ખ્યાલ નથી હોતો કે આપણા જે કામ-ક્રોધ લોભ-મોહ વગેરે અંતઃશત્રુ છે તેના વેગ કાયમ માટે ચાલું જ હોય છે. ક્યારે ક્યો વેગ કેવી રીતે આવે તેનો આપણને ખ્યાલ રહેતો નથી. પરંતુ આપણે જો નિયમિત સત્સંગમાં રહીશું તો તે અંતઃશત્રુના વેગને જ્ઞાનથી (સમજણથી) રોકી શકીશું અને સત્સંગ વિના તો માણસને ખ્યાલ જ નથી હોતો કે પોતે ક્યાં છે ? માણસને એવું જ લાગતું હોય છે કે હું જે કાંઈ કરી રહ્યો છું તે બધું બરાબર જ છે. પણ એવું નથી સત્સંગમાં બેસીને માણસ પોતાની જાતને જેવી છે તેવી તેને કબૂલ કરી શકે છે. સત્સંગથી માણસનો અહંકાર ઓગળવા લાગે છે. અને

પોતાની અંદર રહેલા હજારો દોષો દેખાવા લાગે છે. ખરેખર વ્યક્તિ માત્રને માત્ર-કાંઈક પોતાના જીવનમાં મેળવી પોતામાં રહેલા અવગુણો દૂર કરવા માટે જ આ સત્સંગમાં આવે છે તો તે વ્યક્તિ ખૂબજ આગળ વધી શકે છે. અને આ સત્સંગમાં બેસીને વ્યક્તિએ તપાસ કરવાની છે કે મારા જીવનમાં સત્સંગની શરૂઆત હતી ત્યારે હું કેવો હતો. અને આજે હું ક્યાં છું ? આપણા અંતઃકરણમાં અનેક જન્મોનો કચરો અને અનંત આવરણો સુક્ષ્મ પરમાણુંરૂપે પડેલા જ હોય છે. સત્સંગમાં બેસતાજ આ બધા એક પછી એક આવરણો તૂટવા લાગે છે. અને ભરતખંડના મનુષ્યને સત્સંગનો યોગ મળી રહે છે. તેમ શ્રીજી મહારાજે પણ ખગોળ-ભૂગોળના વચનામૃતમાં બતાવેલું છે કે "ભરતખંડના સર્વે મનુષ્ય તે મોક્ષનો ઉપાય કરે તો મોક્ષ થાય એમછે, ને ન કરે તો ન થાય." માટે મોક્ષ-પ્રાપ્તિ એ જ મનુષ્ય-જીવનની સાર્થકતા છે.

●

## દરબારગઢમાં શ્રી લીંબવૃક્ષ

- સાંખ્યયોગી અલ્પાબેન શિલ્પાબેન ગઢડા (સ્વામીના)

ભગવાન શ્રી સ્વામિનારાયણે દાદાના દરબારમાં લીંબવૃક્ષ નીચે બેસીને વર્ષો સુધી વચનામૃતનું રસપાન કરાવ્યું છે તે લીંબ વૃક્ષનો પૂર્વોકત ઈતિહાસ ટુંકમાં સૌ પ્રથમ સમજીએ, સ.ગુ. રામાનંદ સ્વામીના ગુરુ આત્માનંદ સ્વામી અને તેમના શિષ્યો જુક્તાનંદ, મુક્તાનંદ, ક્ષેમસ્વામી અને હરબાઈ તથા વાલબાઈ વગેરે ફરતા ફરતા સરધાર પધાર્યા હતા. ગામમાં મુમુક્ષુ જીવાત્માઓને ઉપદેશ અને ભજન-સ્મરણ કરાવીને ત્યાં સુખેથી રહેતા હતા.

ત્યાં એક વિઠ્ઠલ નામનો ગરીબ બ્રાહ્મણ રહેતો હતો તેની પત્ની નાનો ધાવણો બાળક મુકીને મૃત્યુ પામી હતી તેથી તે બહુ દુઃખીયો થઈ ગયો હતો એટલે તે મહા સમર્થ આત્માનંદ સ્વામી પાસે સત્સંગ કરવા માટે આવતો.

એક દિવસ તેમને ઉદાસ દેખીને આત્માનંદ સ્વામીએ પૂછ્યું : હે બ્રહ્મદેવ ! તમો કેમ ઉદાસ જણાવ છો?

ત્યારે વિઠ્ઠલે પોતાના દુઃખની વાત કહેતા કહ્યું : સ્વામીજી મારે એક નાનો બાળક છે અને તેની મા મૃત્યુ પામી છે તેથી કોઈ બાઈ પાસે તેને ધવરાવવા જવું પડે છે. પછી આત્માનંદ સ્વામીએ કહ્યું તમારા બાળકને અહીં લઈ આવો તેથી વિઠ્ઠલ બ્રાહ્મણ તેના બાળકને સ્વામી પાસે લઈ આવ્યો અને ત્યાં સ્વામી પાસે પોતાના ખોળામાં બાળક બેસારીને બેઠા. ત્યારે તે બાળક ખૂબ રડવા લાગ્યું આ જોઈને સ્વામી બોલ્યા : હે વિઠ્ઠલ તમે બાળકને સ્તનપાન કરાવો."

ત્યારે વિઠ્ઠલે કહ્યું "આ વાત શક્ય નથી તમો મોટા પુરુષ થઈને મારી આવી ખોટી મશ્કરી કરો છો."

સ્વામી કહે અમો મશ્કરી નથી કરતા પરંતુ જેમ એની માતાને હેતે કરીને દૂધ આવતું હતું તેમ તમે પણ હેતથી ધવરાવશો તો દૂધ આવશે."

પછી સ્વામીના વચનમાં વિશ્વાસ રાખી વિઠ્ઠલે બાળકને સ્તનપાન કરાવ્યું એટલે દૂધ આવવા લાગ્યું. આવો આત્માનંદ સ્વામીનો પ્રતાપ જોઈને તે આત્માનંદ સ્વામી સાથે પોતાના બાળકને લઈને ચાલી નીકળ્યો. બાળક મોટો થતા સ્વામીએ બંનેને દીક્ષા આપીને વિઠ્ઠલનું નામવિઠ્ઠલાનંદ અને તેના બાળકનું નામબાલાનંદ રાખ્યું હતું.

એક વખત બાબરીયાવાડના ઉમેજ ગામમાં વિઠ્ઠલાનંદ અને બાલાનંદ આવ્યાં ત્યાં ગામની બાજુમાં લાખા પટેલની વાડીએ સ્નાન કરવા ગયા હતા સ્નાન કરીને બંને વાડીમાં બગીચો હતો તેમાં ગયા ત્યાં એક ખૂણે કેળના વૃક્ષ પાસે એક નાનકડો લીંબવૃક્ષ જોઈને વિઠ્ઠલાનંદ પોતે હસ્યા એટલે બાલાનંદ કહે હે વિઠ્ઠલાનંદજી ! તમો કેમ હસ્યા ત્યારે વિઠ્ઠલાનંદે કહ્યું આ લીંબડાના નાનકડા વૃક્ષ નીચે સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા સ્વયં ભગવાન બિરાજમાન થશે અને અનેક મુમુક્ષુ આત્માઓના કલ્યાણ કરશે તેથી તેના મહાન ભાગ્ય જોઈને મને હસવું આવ્યું.

આ વખતે ગઢડાના દરબાર એભલ ખાચર કોઈ કામ પ્રસંગે ઉમેજ આવેલા હતા અને તેઓ પણ વાડીએ પધારેલા. તેઓએ આ બંને સંતોની વાતને પોતે સાંભળી રહ્યા હતા તેથી મહાન ભાગ્યશાળી લીંબવૃક્ષને પટેલ પાસેથી માગી લીધો. પછી ત્યાંથી તે છોડને લઈને ગઢપુર આવીને દરબાર ગઢની વચ્ચોવચ રોપ્યો. અને પોતે જાતે

દેખરેખ રાખી પોતાના દીકરાની જેમ લીંબડાને ઉછેર્યો. કારણ કે તેઓ એ જાણતા હતા કે આ લીંબડાની નીચે સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ બિરાજમાન થવાના છે આમને આમ સમય જતાં લીંબડો મોટો થયો અને લીંબડા નીચે વિઠ્ઠલાનંદજીના કહેવા પ્રમાણે ભગવાન શ્રી સ્વામિનારાયણે એભલ ખાચરના દરબારમાં પધારી જે લીંબડા નીચે છવીશ વર્ષ સુધી પોતાના વચનામૃતોનું પાન કરાવ્યું હતું.

●

## અડગ નિષ્ઠા

– સાં.યો. ઉષાબા ગુરુ સાં.યો. કમળાબા
(સુરેન્દ્રનગર)

જેને ભગવાન અને સંતમાં અસાધારણ હેત હોય તેનાથી ભગવાનને અર્થે અને સંતને અર્થે શું શું ન થાય ! તેને અર્થે પોતાનું સર્વસ્વ ત્યાગ કરવા તૈયાર થાય. સગાં, કુટુંબી, ધન, માલ અને મિલ્કત તે બધું સત્સંગને અર્થે કૃષ્ણાર્પણ કરી રાખે. અને તે માર્ગમાં સગા-સંબંધી જો અંતરાય રૂપ થાય તો તેનો પણ ત્યાગ કરે. પોતાને વ્હાલામાં વ્હાલી વસ્તુ હોય તે ભગવાન અને સંતને આપીને રાજી થાય.

એક વખત ખોપાળા ગામમાં સંતોનું મંડળ આવ્યું. તેથી કથા-વાર્તા-ધૂન અને કીર્તનથી સત્સંગમાં ખૂબજ ઉત્સાહ-આનંદ આવ્યો. જેથી જેઠા ભગત રાજી રાજી થઈ ગયા. ભગવાનનો રાજીપો પણ જેઠા ભગત ઉપર હતો. એટલે સત્સંગ સારો અને વ્યવહાર પણ સારો હતો. ઘરમાં ધન, ધાન્ય તેમજ રસકસ ભરપુર હતા. હાથી જેવી ચાર ભેંસો હતી. તેમાંથી બે ભેંસો દુઝણી હતી. એટલે દહીં, દૂધ અને ઘી અઢળક હતા.

એક દિવસ જેઠાભાઈએ તેમના ઘરવાળાને કહ્યું. આપણે ઘરેથી દૂધનું બોઘરણું ભરી મંદિરે સાધુને આપી આવજો. જેથી ભગવાન ને થાળ ધરી, સંતો જમે તો આપણું સારૂં થાય. એમ કહીને પોતે સીમમાં ગયા. પછી બપોરે સીધા મંદિરે આવ્યા. અને સંતોને પગે લાગ્યા. સંતો ઠાકોર જમાડીને બપોરની કથા વાંચતા હતા. કથા પુરી થઈ એટલે જેઠા ભગતે હાથ જોડીને પૂછ્યું. હે સ્વામી, મારા ઘેરથી ઠાકોરજી માટે કાંઈ આવ્યું હતું ? ત્યારે સંતોએ રાજી થઈને કહ્યું. હા, ઘાટી ઘાટી છાશ બોઘરણું ભરીને આવી હતી. તેની કઢી બનાવીને મહારાજને થાળમાં ધરી હતી. ભગવાનને જમાડી સહું સંતો જમ્યા હતા. તે સાંભળી જેઠા ભગત ઘેર ગયા અને જમ્યા. પછી બેય ભેંસની પાડીઓ છોડીને, પોતે ગઢપુરને માર્ગે ચાલી નીકળ્યા. રસ્તામાં ભેંસો ચરતી હતી તેને લઈને ગઢડે મંદિરમાં આવી કોઠારીને કહ્યું કે આ બે ભેંસ ભગવાનને સંતોને દૂધ ધરવા માટે મારે આપવી છે. એમ કહી તે ભેંસો મંદિરમાં અર્પણ કરી. પછી ગોપીનાથજીના દર્શન કરી સંતોના દર્શન કર્યાને આશીર્વાદ લઈને પાછા ખોપાળા આવી મંદિરમાં સંતોની કથા-વાર્તા સાંભળવા બેસી ગયા. ભેંસો ઘરે આવી ન હતી. એટલે તેમના ઘરવાળીએ એક યુવાન હરિભક્ત સાથે કહેવડાવ્યું કે તારા કાકાને કે કે, ભેંસો ઘેર આવી નથી અને બંને પાડીયું ક્યાં મૂકી આવ્યા ? ત્યારે યુવાને જેઠા ભગતને કહ્યું, ભેંસો આવી નથી અને તમે પાડીઓ ક્યાં મૂકી આવ્યા છો ? એમ મારી કાકી પૂછે છે. તે સાંભળીને ભગતે કહ્યું કે, તારી કાકીને કહેજે કે, "ગોપીનાથજી મહારાજને હું આપી આવ્યો છું. કારણ કે મને મહારાજે કહ્યું હતું કે આ ભેંસો તને આપું છું. તે જ્યારે મારા સાધુ ગામમાં આવે ત્યારે, તારે એમને દૂધ આપવું અને સાધુ ન આવ્યા હોય, ત્યારે છોકરા તેનું દૂધ પીવે પણ તમોએ આજે સાધુને દૂધ ન આપ્યું ને છાસ આપી. એટલે ગોપીનાથજી મહારાજે ભેંસો મારી પાસેથી મંગાવી લીધી છે. હવે કાલ સવારથી બોઘરણું લઈને છાશ માગવા તૈયાર થઈ જજો. નહિતર પછી છોરાં છાશ વગરના રહેશે.'' આમ મંદિરમાં બેઠા કહેવરાવી દીધું. પણ પોતે મંદિર બહાર નીકળી વાત પણ ન કરી. આવી રીતે ભગવાન અને ભક્તને અર્થે ભેંસો કૃષ્ણાર્પણ કરી. આવા ભક્તોને ભગવાનમાં નિષ્ઠા પણ અસાધારણ હોય છે. જેથી ભગવાન તેની રક્ષા કરે છે. જે ભક્તને ભગવાન પ્રત્યે અડગ નિષ્ઠા હોય તે ભક્તને ગમે તેવા દુઃખ આવે છતાં ભગવાન તેની રક્ષા કરે છે.

અત્યારે આ કળિયુગમાં ભગવાનના ભક્તને ઘણાં દુઃખોનો સામનો કરવો પડતો હોય છે. લોકો ભગવાનના અવગુણ ગાઈને ભક્તની નિષ્ઠા છોડાવવા પ્રયત્ન કરતા હોય છે. વાસ્તવમાં ભગવાનમાં એક પણ અવગુણ નથી.

અવગુણો તો માણસમાં ભરેલા છે. જે માણસ ભગવાન પ્રત્યેની નિષ્ઠામાંથી ચલીત થતો નથી. એની જ નિષ્ઠા પરિપક્વ કહેવાય. અને ભગવાન તેની જ રક્ષા કરે છે.

●

## એ કોણ ?

– તરલાબેન અતુલભાઈ પોથીવાલા
(મેમનગર - અમદાવાદ)

ઘનશ્યામ મહારાજને દેવ-દર્શનનો, સંત સમાગમનો અને કથાવાર્તા શ્રવણનો ખૂબ શોખ. એમાં સમયનો પણ ખ્યાલ રહેતો નહિ. કોઈ કોઈ વાર તો રાતે ખૂબ મોડું પણ થઈ જતું.

ભક્તિમાતા આથી ખૂબ ચિંતાતુર રહેતા. કારણ કે એ વખતે ચોમેર અસુરોનો ત્રાસ હતો, મારામારી, ખૂન-ખરાબીના રોજ કંઈને કંઈ બનાવો બનતા. જાન-માલની કોઈ સલામતી નહોતી.

આથી એક વાર એમણે ઘનશ્યામ પ્રભુને કહ્યું, "જુઓ ઘનશ્યામ હવે જો તમે રાત્રે મોડા આવશો તો બારણું જ નહિ ઉઘાડું !"

ઘનશ્યામ કાંઈ બોલ્યા નહિ, માત્ર હસ્યા. ભક્તિમાતાએ કહ્યું, "હસવાની વાત નથી આ, ચેતીને ચાલવાની વાત છે ?"

ઘનશ્યામ મહારાજ બોલ્યા, "અમારા કરતાં વધારે ચેતી ને ચાલનારો છે કોણ ?"

એ દિવસની રાતે પણ ઘનશ્યામ પ્રભુને ઘેર આવતાં મોડું થઈ ગયું હિમાલયથી એક સંત મહાત્મા પધારેલા, તેમની સેવામાં ને વાતો સાંભળવામાં ક્યાંય સમય પસાર થઈ ગયો !

મોડી રાતે ઘનશ્યામ ઘેર આવ્યા. માતા ચિંતાતુર બની ખાધાપીધા વિના બેઠાં હતાં. ઘનશ્યામે બારણું ખખડાવ્યું અંદરથી ભક્તિ માતા બોલ્યા, "એ કોણ ?" બહારથી જવાબ આવ્યો. "હું ઘનશ્યામ!"

પુત્ર ઉપર ગુસ્સો તો હતો જ પરંતુ પ્રેમ પણ તેથી અધિક હતો. ભક્તિમાતાને ટિખળ સૂઝ્યું. પોતે વેદપાઠી બ્રાહ્મણની દીકરી હતા. અને શાસ્ત્રજ્ઞ વિદ્વાન પંડિતોની પત્ની પણ હતાં.

ઘનશ્યામનો અર્થ કાળુ વાદળું કરી એમણે કહ્યું "તમે ઘનશ્યામ હો તો વનમાં જઈ વરસો !"

ત્યારે ઘનશ્યામ બોલ્યા, "હું નીલકંઠ છું !" નીલકંઠ નો એક અર્થ નીલ કંઠવાળો મોર એવો થાય છે. ભક્તિમાતાએ એ અર્થ લઈ કહ્યું, "તમે નીલકંઠ હો તો મંદિરના શિખર પર બેસી ટહૂકો !"

ત્યારે ઘનશ્યામ બોલ્યા, "હું હરિકૃષ્ણ છું." હરિનો એક અર્થ સિંહ થાય છે, હરિકૃષ્ણ એટલે કાળો સિંહ એ અર્થ લઈ ભક્તિમાતાએ કહ્યું, "સિંહ કદી કાળો હોવાનું સાંભળ્યું નથી !"

ત્યારે ઘનશ્યામ બોલ્યા, "હું ધર્મપુત્ર છું." ધર્મ એટલે યુધિષ્ઠિર એટલે એ અર્થ લઈ ભક્તિમાતાએ કહ્યું, "ભીમના ભાઈ યુધિષ્ઠિરને કોઈ દીકરો ન હોતો."

ત્યારે ઘનશ્યામે કહ્યું "હું ભક્તિસુત છું."

ભક્તિમાતાએ વળતો જવાબ દીધો, "ભક્તિના સુત તો વૈરાગ્યને જ્ઞાન !"

ઘનશ્યામે કહ્યું, "હું એ જ છું, એથી અધિક છું, એથીયે અધિક છું."

ફટાક કરતાં બારણાં ઉઘડી ગયાં. ભક્તિમાતાએ વહાલથી પુત્રને ખોળામાં લીધાં ને મોડી રાતે માતા-પુત્રએ સાથે ભોજન લીધું. પછી પુત્રને પડખે લઈને સૂઈ ગયાં.

સર્વાધિક મહાપ્રભુ નાનકડાં ઘનશ્યામસ્વરૂપે માતાની પડખે આજે સુખદ નિંદ્રા માણી રહ્યાં હતાં ને ભક્તિમાતા પણ વહાલ સોયા પુત્રના રૂપને આંખોથી પી રહ્યાં હતાં.

**વિદેશના હરિભક્તોને જાણ જોગ**
**શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં દાન, ભેટ, ધર્માદો, જીર્ણોધ્ધારના ચેકો મોકલવા માટે નીચેના નામનો ચેક લખવો.**
**"શ્રી નરનારાયણ મંદિર ટ્રસ્ટ"**

# ........પ્રશ્નપેટી........

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર)

પ્ર. : ૧ કુંડળના રઈબા રામાનંદ સ્વામીના વખતના સત્સંગી હરિભક્ત બહેન હતા તેમના ત્રણ પુત્રો હતો તેના નામ જણાવો ?

પ્ર. : ૨ "એક તો અખંડ ભગવાનના સ્વરૂપમાં વૃતિ રાખતો હોય અને બીજો તો ભગવાનનું ભજન સ્મરણ પણ કરે અને કથા-કીર્તન પણ કરે ને સાંભળે એ બે પ્રકારના જે ભગવાનના ભક્ત તેમાં ક્યો શ્રેષ્ઠ છે ?" વચનામૃતમાં આ પ્રશ્ને કોને પૂછ્યો છે ?

પ્ર. : ૩ જસદણ ભોંયરાના રાજા વાજસુર ખાચરને નાજા જોગીયાએ કહ્યું તમારા રાજ્યમાં નિર્દયી કાયદો છે તેનાથી માણસો બિચારા રિબાય છે માટે સલાહનું પરિણામ શું આવ્યું ?

પ્ર. : ૪ "કરોડ કામ બગાડી મોક્ષ સુધારી લેવો" આ ઉક્તિ વાક્ય કોણ બોલ્યું છે ?

પ્ર. : ૫ "જુઓ આ જગ બંધનની જેલ" - આ કીર્તન કોણે ગાયું છે.

પ્ર. : ૬ અંતઃકરણના દેવના નામ જણાવો.

પ્ર. : ૭ "જીવ જેમસ્વભાવ છોડતો નથી તેમ ભગવાન પણ પોતાના સ્વભાવ (દયા વગેરે) છોડતા નથી" - આ વાક્ય કોણ બોલ્યું છે ?

## ડિસેમ્બર-૨૦૦૯ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) જીવને વિષે અંતર્યામી સ્વતંત્રપણે રહ્યા છે અને કર્મના ફળને આપનાર છે તે ઈશ્વર જાણવા - શિક્ષાપત્રી-૧૦૭ (૨) "સખી ગોકુળ ગામના ચોકમાં રે." (૩) ૧. હે પરા, ૨. પશ્યન્તિ ૩. મધ્યમાં ૪. વૈખરી (૪) સ.ગુ. બ્ર. અચિત્યાનંદ વર્ણી (૫) સ.ગુ. કૃષ્ણાનંદ સ્વામી. (૬) સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી ૨. સ.ગુ. ચૈતન્યાનંદ સ્વામી. (૭) સં. ૧૮૯૬ અષાઢ સુદ-૧૧

૧. શા.સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી (જમીયતપુરા)
૨. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૩. પટેલ કૈલાશબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૪. પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૫. પટેલ શિલ્પાબેન મણીલાલ (દહેગામ)
૬. પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૭. સાંખ્યયોગી કોકીલાબા (સુરેન્દ્રનગર)
૮. પટેલ કંચનબેન બાબુભાઈ (રતનપર)
૯. પટેલ વિનોદભાઈ પી. (અમદાવાદ)
૧૦. સાંખ્યયોગી અલ્પાબેન ગુરુ શિલ્પાબેન (ગઢપુર)
૧૧. સાંખ્યયોગી રંજનબા તથા નાનીબેન (ઓઢવ)
૧૨. પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (રાણીપ)
૧૩. પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૧૪. પટેલ ગીતાબેન પ્રવિણભાઈ (રાજપુર)
૧૫. પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૧૬. સાંખ્યયોગી શિલ્પાબા, શિતલબા (અમદાવાદ હવેલી)
૧૭. સાં.યો. રસીલાબા, અસ્મિતાબા (અમદાવાદ હવેલી)
૧૮. સાંખ્યયોગી રંજનબા, રેખાબા (બાલાસિનોર)
૧૯. અરવિંદાબેન એન. ભાવસાર (ચાંદલોડીયા)
૨૦. સાંખ્યયોગી મંજુબા, ભારતીબા (અમદાવાદ હવેલી)
૨૧. ભાવસાર વીણાબેન આર. (અમદાવાદ)
૨૨. મોદી અમૃતલાલ કે. (સોજા)
૨૩. પટેલ ગોરધનભાઈ શંકરલાલ (સોજા)
૨૪. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (અમદાવાદ)
૨૫. સોની વર્ષાબેન અરવિંદભાઈ (અમદાવાદ)
૨૬. સોની અરવિંદભાઈ ટી. (અમદાવાદ)
૨૭. ભાવસાર સુમિત્રાબેન નરેશકુમાર (વિસનગર)
૨૮. આદ્રોજા માધવજીભાઈ હરખજીભાઈ (મોરબી)
૨૯. ખંધડીયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૩૦. વિઠ્ઠલપરા અમરશીભાઈ પટેલ (નવસારી)
૩૧. પટેલ અંજનાબેન મનુભાઈ પટેલ (નાંદોલ)
૩૨. પટેલ સાકરબેન નટવરભાઈ (નાંદોલ)
૩૩. સાં.યો. બાઈઓ (શ્રી સ્વા.મં. સીતા દરવાજા-ધ્રાંગધ્રા)

# સત્સંગ સમાચાર

## અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધનુર્માસ ધૂન મહોત્સવ

વિશ્વના સુપ્રસિદ્ધ ઐતિહાસિક અને સંપ્રદાયના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં સર્વોપરિ શ્રી નરનારાયણદેવના દિવ્ય સાંનિધ્યમાં અને શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી અને બહેનોની હવેલીમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીની શુભ નિશ્રામાં અને પૂજનીય સંતો અને શ્રીહરિના હજારો વ્હાલા હરિભક્તોની શુભ ઉપસ્થિતિમાં તા. ૧૬ ડિસેમ્બરથી પવિત્ર ધનુર્માસ પ્રારંભ થતા જ પ્રાતઃ ૫-૦૦ કલાકથી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન રંગ મહોલ શ્રી ઘનશ્યામમહારાજ સમક્ષ અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે સવારે ૫-૩૦ કલાકે શ્રી નરનારાયણદેવની મંગળા આરતીના દર્શનનું જે સુખ એટલી ભીડમાં પણ કોઈ જતું કરવા તૈયાર ન હતું. આટલા વિશાળ ભવ્ય મંદિરના ચોકમાં વાહનો સમાતા ન હતા તે છેક રીલીફ રોડ સુધી, એક તરફ ઘી કાંટા અને ડબગરવાડ સુધી પાર્ક કરવા પડતા. આખો માસ ધૂનમાં કોઈ આમંત્રણ વગર આટલી મેદની એકઠી થાય અને તે પણ કડકડતી ઠંડીમાં, મસ્ત મજાની નિંદરને ત્યાગીને આવો મહા અલૌકિક લાભ લેવો એ ભાગ્યશાળીને જ પ્રાપ્ત થાય. સવારે ૫-૩૦ થી ૬-૩૦ સુધી સતત એક ધારી ફક્ત ને ફક્ત શ્રી સ્વામિનારાયણ ધૂન સિવાય કોઈ વાત નહીં. અમદાવાદ મંદિરના વ્યવહાર કુશળ મહંતશ્રી અને વિદ્વાન સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી અને કોઠારી પાર્ષદ દિગંબર ભગતનું માર્ગદર્શન અને વ્યવસ્થાનું આયોજન ખરેખર દાદ માંગી લે તેવું બે મિશાલ હતું. આ વખતે આખા માસની ધૂનનો રિકોર્ડ થયો. લગભગ ૧૨૦૦ જેટલી માસિક ધૂનમાં સમસ્ત ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી પરિવાર, સંતોએ પોતાના ગુરુ, શિષ્ય વગેરેના નામથી તેમજ હરિભક્તોએ પણ પોતાના પરિવારના શ્રેય કલ્યાણ માટે મોટી સંખ્યામાં દૈનિક ધૂન પણ ૫૦૦૦ જેટલા ભાવિકો તરફથી કરવામાં આવી.

આમ ધનુર્માસ ધૂન આખો માસ પર્યન્ત એટલે કે ૧૬ ડિસેમ્બરથી ૧૪ મી જાન્યુઆરી સુધી થઈ. જેમાં પ્રસાદ વિતરણ, આદિ અનેક વિધ સેવામાં કોઠારી દિગંબર ભગતની પ્રેરણાથી સંત મંડળમાં કોઠારી જે. કે. સ્વામી, બળદેવ સ્વામી (બાપૂ), બ્ર. રાજુ સ્વામી, યોગી સ્વામી, મુનિ સ્વામી, ભંડારી સૂર્યપ્રકાશદાસજી, પુરાણી ધર્મજીવનદાસજી, દિવ્યપ્રકાશ સ્વામી તથા ભૂષણ ભગત, ચેતન ભગત, નંદકિશોર, તપનભાઈ, હાર્દિક, ભીખાભાઈ, કાઠીયાવાડ ના હરિભક્તો, ધનુર્માસ ઓફિસમાં ઘનશ્યામસિંહ ઝાલા, શ્રી ભરતભાઈ ભાવસાર, પ્રવિણભાઈ પટેલ આદિ અનેક નામી અનામી હરિભક્તોએ સેવા કરી અને હરિભક્તોએ યજમાન બની લાભ લીધો. તથા ધૂનમાં પ્રેરણાત્મક મૂક સેવા બજાવનાર હરિભક્તો આદિ સૌ ઉપર શ્રીજી મહારાજ અને પ.પૂ. (બન્ને) મહારાજશ્રી અને સંતોનો ખૂબ રાજીપો ઉતરે અને દર વર્ષે આવીને આવી સેવાનો લાભ લઈ જીવન કૃતાર્થ કરે તેવી પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના છે.

(કોઠારી જે. કે. સ્વામી)

## ધર્મકુળની નિશ્રામાં અમદાવાદ શહેર શ્રીનરનારાયણદેવ યુવક મંડળ સ્નેહ મિલન (કોટેશ્વર ગુરુકુળ)

તા. ૨૯-૧૧-૨૦૦૯ રવિવારના સાંજે ૪-૩૦ થી ૭-૩૦ સુધી કોટેશ્વર શ્રી સહજાનંદ ગુરુકુળના વિશાળ પ્રાંગણમાં ધર્મકુળની શુભ નિશ્રામાં અમદાવાદ શહેર શ્રી નરનારાયણદેવ યુવક મંડળ (સ. પરિવાર)નો સ્નેહ મિલન સમારંભ યોજાયો.

આ પ્રસંગે પૂ. શા.સ્વામી નારાયણવલ્લભદાસજી (વડનગર) એ પોતાના વક્તવ્યમાં આપણા શ્રી સ્વામિનારાયણ માસિકના પ્રચાર પસાર અને તેમાં વિશેષ વાચકો વધે તે માટે તથા બાળ મંડળની પ્રવૃતિના વેગ માટે સુંદર માર્ગદર્શન આપ્યું હતું. પૂ. શા.સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર) એ તિલક અને ચાંદલાની મહત્તા પર, પૂ. શા.સ્વા. નિર્ગુણદાસજીએ (અસારવા ગુરુકુળ) દેવનો ધર્માદા દશાંશ વિશાંશ પર સુંદર વિવેચન કરીને સમજાવ્યું હતું. આ પ્રસંગમાં અમદાવાદ મંદિરથી બ્ર.સ્વા. રાજેશ્વરાનંદજી, કોઠારી જે.કે. સ્વામી, રાજેન્દ્રપ્રસાદ સ્વામી, નારણઘાટ મંદિરના મહંત દેવપ્રકાશદાસજી આદિ સૌ પધાર્યા હતા. પૂરવ પટેલ અને ગાયક વૃંદે સુંદર કીર્તન ભક્તિનો કાર્યક્રમ કરેલ. સમારંભના મુખ્ય યજમાન પ.ભ. કૌશિકભાઈ પાટડીયા તેમજ અન્ય સહ યજમાનોએ ધર્મકુળનું પૂજન અર્ચન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

પ.પૂ. લાલજી મહારાજશ્રીએ બાળકોની સભામાં તેમજ

યુવા સભામાં દર્શન આશીર્વાદનો લાભ આપ્યો હતો. પૂ. શ્રી રાજાએ બાલિકાઓને, પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીએ બહેનોને દર્શન આશીર્વાદનું દિવ્ય સુખ આપ્યું હતું. પ.પૂધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીએ અલૌકિક આશીર્વાદ આપી અતિ પ્રસન્ન થયા હતા. પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે નારણઘાટ મંદિરના શરદોત્સવની વીસીડી તથા એમ.પી.-૩ કેસેટનું વિમોચન થયું હતું. અમદાવાદ મંદિરમાં નિયમિત દેવની આજ્ઞા મુજબ ધર્માદો કરનાર હરિભક્તોનું સન્માન કરવામાં આવ્યું હતું. છેલ્લે અમદાવાદ મંદિરના પૂ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીએ આભાર વિધિ કરી હતી. સમારંભનું આયોજન અને સભા સંચાલન નાના પી.પી. સ્વામી અને શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ) એ સુંદર રીતે કર્યું હતું. ત્યારબાદ સૌને મહાપ્રસાદનું આયોજન થયું હતુ. (ગોરધનભાઈ સીતાપરા)

## જમીયતપુરા ગામે નૂતન હરિમંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો

શ્રીહરિના દિવ્ય ચરણોથી અંકિત મહાપ્રસાદી ભૂત જમીયતપુરા ગામમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા જેતલપુરના પૂ.પી.પી. સ્વામીની પ્રેરણાથી અને અમદાવાદ મંદિર સ્કીમકમિટીના સભ્ય પ.ભ. દશરથભાઈ પ્રહલાદભાઈ પટેલના માર્ગદર્શન અને હરિભક્તોના આર્થિક સહયોગથી સંપ્રદાયમાં તેમાંય શ્રી નરનારાયણદેવ દેશમાં ભવ્ય હરિમંદિરનું સુંદર નિર્માણ કરવામાં આવ્યું. જે પૂર્ણ થતાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપલક્ષમાં શ્રી મહાવિષ્ણુયાગ, કથા પારાયણ, નગરયાત્રા-શોભાયાત્રા આદિ કાર્યક્રમ ધામધૂમથી સંપન્ન થયા હતા. કથા પારાયણના વક્તાપદે શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (જમીયતપુરા) વિરાજ્યા હતા. પ્રથમ દિને સૌ પ્રથમ જેતલપુરના મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજીએ મંગલ દિપ પ્રગટાવી શુભ મંગલ પ્રવચન કરી મહોત્સવનો શુભ પ્રારંભ થયો હતો. ઉત્સવ દરમ્યાન પ.પૂ. મોટા મહારાજશ્રીએ સમસ્ત ગામને દર્શન આશીર્વાદનો લ્હાવો આપ્યો હતો. તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીએ પધારીને બહેનોને દર્શન આશીર્વાદનું અલૌકિક સુખ આપ્યું હતું.

તા. ૨૪-૧૧-૦૯ ના રોજ મૂર્તિઓની નગરયાત્રા કળશ યાત્રા જમીયતપુરા ગામમાં ધામધૂમથી નીકળી નૂતન મંદિરે કીર્તન ભક્તિ કરતા પહોંચી હતી.

તા. ૨૫-૧૧-૦૯ ના રોજ સવારે ૮-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે સમસ્ત ગામે ખૂબજ ધામધૂમ અને ભવ્ય રીતે સ્વાગત સામૈયું કર્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ નૂતન મંદિરમાં ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા વેદ વિધિસર કરી હતી. ત્યારબાદ મહા વિષ્ણુયાગ અને પારાયણની પૂર્ણાહુતિની આરતી ઉતારીને કરી હતી. બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને બહેનોને આશીર્વાદ આપી ખૂબજ પ્રસન્ન થયા હતા.

સભામાં યજમાન પરિવારોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા.

મહોત્સવ તથા નિજ મંદિરમાં સેવા કરનાર યજમાનોનું સન્માન પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનું સ્વરૂપ આપીને કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અમદાવાદ, મંદિરના મહંત સ્વામી, જેતલપુરના મહંત સ્વામી તથા નારાયણઘાટ, કાંકરિયા, છપૈયા, મૂળી, સિધ્ધપુર, ચરાડવા, લીંબડી, સુરેન્દ્રનગર, લાલોડા, ટોરડા, સોકલી, બદ્રિનારાયણ આદિ ધામોના મહંત સ્વામીએ પધારીને પ્રસંગને અનુરૂપ વ્યક્તવ્ય આપ્યું હતું.

સમગ્ર મહોત્સવના આયોજનમાં સેવા શા. માધવજીવનદાસજી (માઉન્ટ આબુ ગુરુકુળ સંચાલક)નું પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પુષ્પહાર પહેરાવી આશીર્વાદ આપી સન્માન કર્યું હતું.

છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે જમીયતપુરા ગામતો અમારું મોસાળ છે. એમ કહી સૌ ભક્તજનો ઉપર ખૂબજ રાજી થઈ રૂડા આશીર્વાદ આપ્યા હતા. છેલ્લે સમસ્ત ગામવતી શ્રી પ્રકાશભાઈ આશાભાઈ પટેલે નાની મોટી સેવા કરનાર યજમાનો, સ્વયંસેવકો આદિ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. (હિંમતભાઈ કોઠારી)

## ગાંધીનગર (સેકટર-૨) શ્રી સ્વામિનારાયણ મંદિર દશાબ્દી મહોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) નો દશાબ્દી મહોત્સવ તા. ૧૭-૧૧-૦૯ થી તા. ૨૧-૧૧-૦૯ દરમ્યાન ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણ પૂ. ધ્યાની સ્વામીના શિષ્ય શાસ્ત્રી સ્વામી

સત્સંગભૂષણદાસજીના વક્તા પદે થઈ હતી.

આ પ્રસંગે દેવોને પંચામૃતનો અભિષેક પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદ વિધિસર ધામધૂમથી સંપન્ન થયો હતો. ત્યારબાદ અન્નકૂટ આરતી પ.પૂ. મહારાજશ્રી ના વરદ્ હસ્તે થઈ હતી. ધામોધામથી પધારેલા સંતોનો આદર સત્કાર. પૂ. ધ્યાની સ્વામીએ ભાવભેર કર્યો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન ધ્યાની સ્વામીએ પુષ્પહાર પહેરાવીને આશીર્વાદ મેળવ્યા હતા. સમગ્ર ધર્મકુળ આ અનેરા શુભ પ્રસંગે ઉપસ્થિત રહેતા ભક્તજનોનો ઉત્સાહ બેવડાયો હતો. પૂ. ધ્યાની સ્વામીની ૮૬ વર્ષની જૈફ વયે સત્સંગ અભ્યુદય અંગેની પ્રવૃતિને આચાર્ય મહારાજશ્રીએ ખાસ બિરદાવી હતી. અન્યને સ્વામીનું જીવન પ્રેરણા પુરી પાડે છે. દેશ-વિદેશના હરિભક્તોએ અલૌકિક લાભ લઈ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. (પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ-ભુજ)

## શ્રી સ્વામિનારાયણ મંદિર પેથાપુર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ૯ ડિસેમ્બરથી ૧૩ ડિસેમ્બર પર્યન્ત પેથાપુર મંદિરમાં સત્સંગિજીવન પંચાન્હ પારાયણ, લક્ષ્મીવિવાહ, સત્સંગનું માહાત્મ્ય નાટક, આદિ આધ્યાત્મિક કાર્યક્રમો પૂજ્ય ધ્યાની સ્વામીની નિશ્રામાં યોજાયા.

તા. ૧૦-૧૨-૦૯ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને તેઓશ્રીના વરદ્ હસ્તે ભગવાનની મૂર્તિઓનો મહાભિષેક, અન્નકૂટ આદિ થયા હતા. સભામાં સત્સંગિજીવન ગ્રંથનું પૂજન કર્યું હતું. ઉપસ્થિત હરિભક્તોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પુષ્પહારથી સ્વાગત પૂજન કરી આરતી ઉતારી હતી. પ્રાસંગિક સભામાં પ.પૂ. મહારાજશ્રીએ જણાવ્યું કે આવા ઉત્સવ સમૈયાની સંપ્રદાયમાં કેટલી બધી આવશ્યકતા છે તે સમજાવ્યું હતું. ૮૬ વર્ષની આ જૈફ વયે ધ્યાની સ્વામી અવિરત સત્સંગની સેવા કરે છે. તેમના આયોજનમાં લેશ માત્ર ખામી ન હોય, આયોજન શ્રેષ્ઠ જ હોય. તેમનું સંતજીવન બોધ પાત્ર અને પ્રેરણાત્મક છે. એમ કહી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

શિક્ષાપત્રીમાં આપેલી શ્રીજી મહારાજની આજ્ઞાઓને તાદશ કરતું નાટક પૂ. ધ્યાની સ્વામીએ "સત્સંગનો મહિમા" હેઠળ લખી અને કણભા ગુરુકુળમાં કોલેજમાં અભ્યાસ કરવા માટે રહેતા વિદ્યાર્થીઓ પાસે તૈયાર કરાવ્યું હતું. જેમાં વ્યસન મુક્તિ, આહાર શુદ્ધિ તથા સત્સંગ અને સંતોના માહાત્મ્યને આવરી લેવામાં આવેલા. જે નાટક સૌ હરિભક્તોને માટે ખૂબજ મનનીય અને પ્રશંસનીય રહ્યું હતું.

(પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ)

## આંતરોલી મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

શ્રીજી મહારાજના અતિ પ્રસાદીના જ્યાં હરિભાઈ ભટ્ટને ત્યાં થાળ જમેલા તેવા મહા અલૌકિક આંતરોલી ગામમાં પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ સંકલ્પથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના સેવા નિષ્ઠ વયોવૃદ્ધ સ.ગુ. ભંડારી સ્વામી જાનકીવલ્લભદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૮-૧૧-૦૯ થી તા. ૨૨-૧૧-૦૯ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ મૂળી ધામના હાલ નારણપુરા મંદિરના મહંત સ.ગુ. શા.સ્વામી શ્રીજીપ્રકાશદાસજીના વક્તાપદે શ્રીહરિ કથાનું રસપાન કરાવ્યું.

ત્રિદિનાત્મક પંચકુંડી મહાવિષ્ણુયાગ વિધિ શ્રી રાજુભાઈ શુકલે (ઉમરેઠ) કરાવ્યો.

મહોત્સવનું મંગલદીપ પ્રાગટ્ય પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, સ.ગુ. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી (અમદાવાદ), સ.ગુ.શા. સ્વામી હરિકેશવદાસજી (ગાંધીનગર સે-૨૩) ભંડારી સ્વામી જાનકીવલ્લભદાસજી (નાથદ્વારા) સ.ગુ. શા.સ્વામી ઘનશ્યામજીવનદાસજી (લાલોડા) સ.ગુ. સ્વામી શ્યામચરણદાસજી (જેતલપુર) ના વરદ્ હસ્તે થયું હતું. સભા સંચાલન સ.ગુ.શા. સ્વામી અખિલેશ્વરદાસજી તથા શા.સ્વા. વાસુદેવચરણદાસજી ગુરુ શા.સ્વામી અખિલેશ્વરદાસજીએ સુંદર રીતે સંભાળ્યું હતું.

સમગ્ર મંદિર નિર્માણથી લઈ મૂર્તિ પ્રતિષ્ઠાના સુંદર વ્યવસ્થા સ.ગુ. સ્વામી ધર્મસ્વરૂપદાસજી અને શા.સ્વા. અખિલેશ્વરદાસજીએ હરિભક્તોના સાથ સહકારથી સુંદર રીતે કરી હતી.

ઉત્સવ દરમ્યાન બહેનોને દર્શન આશીર્વાદનું સુખ આપવા તા. ૨૦-૧૧-૦૯ ના રોજ પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી અને તા. ૨૨-૧૧-૦૯ ના રોજ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા.

તા. ૨૨-૧૧-૦૯ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. સમસ્ત ગામના હરિભક્તો અને સંતોએ ભવ્ય શોભાયાત્રા

યોજીને અદ્‌ભુત સ્વાગત સામૈયું કર્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે નૂતન મંદિરમાં ઠાકોરજીની મૂર્તિ પ્રતિષ્ઠા વેદવિધિસર કરી આરતી ઉતારી હતી. અન્નકૂટની પણ આરતી ઉતારી હતી. ત્યારબાદ વિષ્ણુયાગ અને કથાપારાયણની પૂર્ણાહુતિ કરી હતી.

પ્રાસંગિક સભામાં ઉત્સવના યજમાનોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. તેજ રીતે યજમાન પરિવારનું પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પૂ. લાલજી મહારાજશ્રીએ સન્માન કરીને સ્મૃતિ ભેટ આપી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ધામોધામથી પધારેલા સંતોએ પ્રેરણાત્મક અમૃત વાણીનો લાભ આપેલ. પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત ગામઅને આયોજક ભંડારી સ્વામી જાનકીવલ્લભદાસજી અને મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજીને ખૂબજ રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી અને સ.ગુ. સ્વામી શ્યામચરણદાસજી આદિ સંતોએ પધારીને લાભ આપેલ.

સતત પાંચેય દિવસ સમસ્ત ગામ અને મહેમાનોને બન્ને સમય જમાડવામાં આવેલ. આ પ્રસંગમાં રસોડામાં સ્વામી બળદેવપ્રસાદદાસજી (ધોલેરા) સ્વામી વિશ્વપ્રકાશદાસજી (લાલોડા) સ્વામી દેવપ્રસાદદાસ, સ્વામી અનિરૂદ્ધચરણદાસ (મૂળી) ભોગીલાલ ભગત, શા.સ્વા. વિવેકસાગરદાસ, મહંત સ્વા. સ્વયંપ્રકાશદાસ (દિલ્હી), સ્વામી સુખનંદનદાસ, સ્વા. સર્વેશ્વરદાસ (ડિટ્રોઈટ) આદિ અનેક નામી અનામી સંત પાર્ષદ મંડળ અને યુવક મંડળ અને ગામોગામના સ્વયં સેવક હરિભક્તોએ ખડેપગે સેવા બજાવી હતી. (ધર્મેન્દ્રભાઈ પટેલ)

### ગાંધીનગર (સેકટર-૨૩) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ત્રિશતાબ્દી સત્સંગ અમૃત મહોત્સવ ઉજવાયો

સર્વોપરિ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપા તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીનાં પૂર્ણ રાજીપાથી તથા પૂ.શાસ્ત્રી સ્વામી શ્રીહરિકેશવદાસજીની પ્રેરણાથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર (સેકટર-૨૩) ગાંધીનગરમાં તા. ૨૩-૧૨-૦૯ થી ૨૭-૧૨-૦૯ પર્યન્ત ત્રિશતાબ્દી સત્સંગ અમૃતોત્સવ ધામધૂમથી સંપન્ન થયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં સત્સંગ તાલીમ સભા, મૂકબધિર સેવા સમર્પણ યજ્ઞ, આરોગ્ય વિષયક કેમ્પ, કાર્ડિયોલોજી અને ડાયાબેટીક, વૈદિક સ્તોત્ર સાથે મહા શંખાભિષેક, ત્રિશતાબ્દી તુલાવિધિ, મહા આરતી, જન સુખાકારી અમૃતયાત્રા, સત્સંગ ગોષ્ઠી, શ્રીહરિ વિષ્ણુયાગ, બાળકો, યુવાનો દ્વારા પ્રેરણાત્મક સાંસ્કૃતિક કાર્યક્રમો, બહેનો દ્વારા પ્રેરણાદાયી કાર્યક્રમ વગેરે કાર્યક્રમોનું ખૂબજ શિસ્તબધ્ધ આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૨૭-૧૨-૦૯ ને રવિવાર પૂર્ણાહુતિ પ્રસંગે સવારે ૯-૦૦ કલાકે આપણા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પધારીને સૌને દર્શન આશીર્વાદનો અલૌકિક લાભ આપ્યો હતો.

આ શુભ પ્રસંગે પૂ. શાસ્ત્રી સ્વામીની કલમે લખાયેલ ''શ્રીહરિ વિચરણ લીલા'' અને ''અષ્ટાંગયોગ દર્શન'' પુસ્તિકાનું વિમોચન, પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થયું હતું. તેમજ પ્રાસંગિક સભામાં ઉપસ્થિત સંતોના દર્શન પ્રવચન, તથા પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદનો અલૌકિક લાભ મળ્યો હતો.

સૌ હરિભક્તોએ પાંચ દિવસના આ સમારંભમાં ઉત્સાહ ભેર ભાગ લઈ ધન્યભાગી બન્યા હતા. સભાના વિરામના અંતે સૌ હરિભક્તોએ મહાપ્રસાદ ગ્રહણ કરી ત્રિશતાબ્દી સત્સંગ અમૃતોત્સવને વાગોળતા વાગોળતા હર્ષભેર વિદાય થયા હતા. (ઊંજનીભાઈ પટેલ)

### શ્રીહરિના ચરણ કમળથી પાવન વડું શ્રી સ્વામિનારાયણ મંદિરનો દશાબ્દી મહોત્સવ મારી દૃષ્ટિએ

વડુ : ઉત્તર ગુજરાત અંતર્ગત દંઢાવ્ય દેશના શ્રીજી મહારાજના ચરણ કમળથી પાવન વડુ ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરનો દશાબ્દી મહોત્સવ તેમજ શ્રી હનુમાનજી મંદિરનો ચતુર્થ પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રીની શુભ આજ્ઞા અને શુભાશીર્વાદથી તા. ૨૦-૧૧-૦૯ થી તા. ૨૪-૧૧-૦૯ સુધી ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આ મહોત્સવ નિમિત્તે ''શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણ જ્ઞાનયજ્ઞ''નું મંગલ આયોજન કરવામાં આવ્યું હતું. કથા પારાયણના યજમાન પદે અ.નિ. પટેલ ભક્તિભાઈ ખોડીદાસ પરિવાર વતી તેઓના સુપુત્ર પ.ભ. પટેલ રાજુભાઈ (પ્રેસિડેન્ટ, ચેરીહીલ મંદિર અમેરિકા) અને પ.ભ. પટેલ ગૌતમભાઈ (કેનેડા)એ લાભ લીધો હતો. વડનગરના સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીએ વ્યાસાસને બિરાજી કથામૃતનું રસપાન કરાવ્યું હતું.

આ પ્રસંગે ત્રણ દિવસના શ્રીહરિયાગનું પણ આયોજન

કરવામાં આવ્યું હતું. જેના મુખ્ય યજમાનપદે પ.ભ. અમૃતભાઈ રામદાસ માધવદાસ પટેલ પરિવારે બિરાજી લાભ લીધો હતો. તેમજ એક દિવસીય "શ્રી મારૂતિ યજ્ઞ"નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેના મુખ્ય યજમાનપદે પ.ભ. ભોળીદાસ માધવદાસ પટેલ પરિવારે (હસ્તે પ.ભ. આત્મારામભાઈ પટેલ) બિરાજી લાભ પ્રાપ્ત કર્યો હતો. તેમજ આ મંગલ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મંદિર તથા શ્રી હનુમાનજી મંદિર અને વડું ગામના રાજમાર્ગોને દેદિપ્યમાન રોશનીથી શણગારી ઝળહળતા કરી અનેરૂં આકર્ષણ જમાવ્યું હતું.

આ પ્રસંગે ધાર્મિકની સાથે આરોગ્ય એવા અંતર્ગત "બ્લડ ડોનેશન કેમ્પ"નું પણ અદ્દભુત આયોજન કર્યુ હતું, જેનો અનેક ઉદાર બ્લડ દાતાઓએ લાભ લઈ બીજાની જિંદગી બચાવવાની ભાવના પુરી પાડી હતી. આ મંગલ પ્રસંગે દરરોજ રાત્રે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું અનેરૂ ભક્તિસભર આયોજન કરવામાં આવ્યું હતું.

આ દશાબ્દી મહોત્સવ પ્રસંગે વિવિધ ધામો ધામથી અનેક વિદ્વાન સંતો-મહંતોએ પધારી શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગને દિપાવવા અમદાવાદથી આપણા ભાવિ આચાર્ય પૂ. શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પણ પધાર્યા હતા. તેઓશ્રીનું સ્વાગત પૂજન નાના નાના બાળકોએ એટલે કે બાળમંડળના સભ્યોએ કર્યું હતું. આ પ્રસંગે કથા પારાયણની સાથે એકાદશ સંહિતાપાઠનું પણ આયોજન કરવામાં આવેલ, જેના અલગ યજમાનશ્રીઓએ પણ લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

આ મંગલ પ્રસંગે વડુ ગામની સત્સંગી બહેનોની ભક્તિ ભાવના જોઈ અમદાવાદથી અ.સૌ. પૂ.ગાદીવાળાશ્રી તથા અ.સૌ. પૂ. મોટા ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા. દશાબ્દી મહોત્સવ અંતર્ગત આજુબાજુના જેવા કે કરજીસણ, ડાંગરવા, મોખાસણ, ઓળા, ઝુલાસણ, કલોલ, કોઠા, પલિયડ, ડીંગુચા, નારોલા, ભાઉપુરા, પાનસર વિગેરે ગામોગામથી અનેક હરિભક્તોએ પધારી અલભ્ય લાભ લીધો હતો. આ મહોત્સવની પૂર્ણાહુતિ તા. ૨૪-૧૧-૦૯ ના રોજ સવારે ૮-૩૦ કલાકે અમદાવાદથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી વડુ ગામની ધરતી ઉપર પધાર્યા ત્યારે હજારો હરિભક્તોએ હર્ષોલ્લાસથી જયનાદથી વધાવ્યા હતા. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની નગરયાત્રાના રૂપમાં શોભાયાત્રાનું આયોજન અલૌકિક દર્શનીય બન્યું હતું. શોભાયાત્રાના યજમાન પ.ભ. ડાહ્યાભાઈ માધવદાસ બાજીદાસ પટેલ પરિવારે પૂ. આચાર્ય મહારાજશ્રીનું સ્વાગત પૂજન કરી આરતીનો લાભ લીધો હતો. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ મંદિરમાં પધારી અન્નકૂટની આરતી ઉતારી હતી. તે સમયે અન્નકૂટના યજમાન પ.ભ. અમૃતભાઈ પીતાંબરદાસ પટેલ અને શ્રી ઠાકોરજીના અભિષેકના યજમાન પ.ભ. વિષ્ણુભાઈ અંબાલાલ શીવદાસ પટેલ (ભગત) પરિવારે પૂ. આચાર્ય મહારાજશ્રીનું ફૂલહાર વડે સ્વાગત-પૂજન કરી લાભ લીધો હતો. ત્યાર પછી પૂ. મહારાજશ્રી બહેનોના મંદિરે પધારી આરતી ઉતારી શ્રીહરિયાગ મંડપમાં પધાર્યા હતા. જ્યાં પૂર્ણાહુતિની આરતી પૂ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્દ હસ્તે કરી યજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. ત્યાંથી પૂ. આચાર્ય મહારાજશ્રીએ સ.ગુ. બ્રહ્મચારી વાસુદેવાનંદજીએ પધરાવેલ શ્રી હનુમાનજી મંદિરે પધારી આરતી-પૂજન કરી હરિભક્તોને દર્શનનો અલૌકિક લાભ આપ્યો હતો. ત્યાંથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કથા મંડપમાં પધાર્યા હતા, અને ગ્રંથ તથા વક્તાનું પૂજન કરી કથા પારાયણની પૂર્ણાહુતિની આરતી કરી હતી. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન પ.ભ. નટવરભાઈ મફતલાલ નાનદાસ પટેલ પરિવારે કરી આરતી ઉતારી દેવ દુર્લભ અલભ્ય લાભ લીધો હતો. ત્યારબાદ શ્રીહરિયાગના સહ યજમાન પ.ભ. કાળાભાઈ સોમદાસ અંબાલાલ પટેલ પરિવાર તથા મારૂતિ યજ્ઞના સહયજમાન અ.નિ. અંબાલાલ શીવદાસ પટેલ તથા પ.ભ. ગાંડાભાઈ બબલદાસ નથુભાઈ પટેલ તથા અ.નિ. જયંતિભાઈ મણીલાલ પટેલ તથા પ.ભ. ભરતભાઈ પટેલ પરિવાર તથા ધજાના યજમાન પ.ભ. રાજુભાઈ બી. પટેલ તથા પ.ભ. ગૌતમભાઈ બી. પટેલ (યુ.એસ.એ.) તથા શ્રી હનુમાનજીની ધજાના યજમાન પ.ભ. રમણભાઈ સોમદાસ માધવદાસ પટેલ તથા પ.ભ. ઘનશ્યામભાઈ ભોળીદાસ બેચરદાસ પટેલ તથા પ.ભ. અંબાલાલ શિવદાસ ગોપાલદાસ પટેલ તથા પ.ભ. જયંતિભાઈ રામદાસ પટેલ તથા પ.ભ. પટેલ પ્રવિણભાઈ ત્રિકમદાસ તથા પ.ભ. ભેમાભાઈ શિવદાસ તથા પ.ભ. રેવાભાઈ નથુદાસ તથા અન્ય યજમાનો-દાતાઓ અને હરિભક્તોએ પૂ. આચાર્ય મહારાજશ્રીનું અર્ચન-પૂજન કરી સ્વાગત કરી લાભ લીધો હતો. આ પ્રસંગે શ્રી નરનારાયણદેવ યુવક મંડળના તમામ સભ્યો તેમજ મંદિરના કોઠારી એ પણ સ્વાગત પૂજન કરી. પૂ. મહારાજશ્રીના શુભાશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. પ.ભ. પટેલ અરવિંદભાઈ ભીખાભાઈ રામદાસ પટેલ પરિવારે પણ પૂ.આચાર્ય મહારાજશ્રીનું સ્વાગત પૂજન

કરી લાભ લીધો હતો. આ શુભ પ્રસંગે અમદાવાદ મંદિરના વિદ્વાન મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા સ.ગુ.શા. સ્વામી નિર્ગુણદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પ્રેમસ્વરૂપદાસજી તથા સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. શા.સ્વામી છપૈયાપ્રસાદદાસજી તથા સ.ગુ. મહંત શા.સ્વામી ગુરુપ્રસાદદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી અભિષેકપ્રસાદદાસજી તથા સ.ગુ. શા.સ્વામી ચંદ્રપ્રકાશદાસજી (બિલીયા) વગેરે ધામોધામથી સંતો-મહંતોએ પધારી સત્સંગ સેવા, સ્મરણ અને સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના મૂળભૂત સિદ્ધાંતોને સમજાવી શ્રીહરિની ભક્તિ કરી મનુષ્ય જન્મ સાર્થક કરવા અને આવા મહોત્સવ ઉજવવા પ્રેરણા આપી હતી.

આ મહા મહોત્સવ પ્રસંગે અતિ પ્રસન્ન વદને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ શુભાશીર્વાદ આપતાં પોતાની અમૃતવાણી દ્વારા જણાવ્યું હતું કે, જીવનમાં ભગવાન શ્રીહરિ સાથેનો સંબંધ એ જ જીવનની મોટામાં મોટી મૂડી છે અને એમાંજ આલોક અને પરલોકનાં સુખ સમાયેલા છે. આપણા ઈષ્ટદેવ ભગવાનશ્રી સ્વામિનારાયણ આપણને ઓળખાયા એજ આપણું પરમ ભાગ્ય છે, અને વડુનો સત્સંગ દેશમાં અને વિદેશમાં પથરાયેલો છે, તેમજ વડું ગામની સુખ-સમૃદ્ધિ એ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાનું ફળ છે, આજે વડું મંદિરનો દશાબ્દી મહોત્સવ ઉજવી આપ સૌ સત્સંગનો સરવાળો કરી વધારેને વધારે સત્સંગ વૃદ્ધિ પામે તેવી પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના ચરણ કમળમાં પ્રાર્થના સહ આપ સૌને શુભાશીર્વાદ સાથે ધન્યવાદ પાઠવીએ છીએ.

(શાસ્ત્રી નારાયણવલ્લભદાસજી - વડનગર)

## હિંમતનગરમાં વિષ્ણુયાગ-પાટોત્સવ

તા. ૧-૧૧-૦૯ શ્રી વિષ્ણુયાગના ભવ્ય આયોજન પ્રસંગે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ખાસ હિંમતનગર પધાર્યા હતા. વિષ્ણુયાગની પૂર્ણાહુતિ કરીને તેઓશ્રી સભામાં પધાર્યા હતા.

યજમાન શ્રી કનુભાઈ સી. મોદીએ પૂ. મહારાજશ્રીની આરતી-પૂજા કરી હતી. મહારાજશ્રીએ યજમાન પરિવારને આશીર્વાદ પાઠવ્યા હતા. અમદાવાદ મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, તથા ઈડર મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી તથા હિંમતનગર મહંત શાસ્ત્રી હરિજીવનદાસે યજમાનનું બહુમાન કરીને આશીર્વાદ પાઠવ્યા હતા. મોટી સંખ્યામાં સંતો-મહંતો પધાર્યા હતા. હજારો હરિભક્તો સત્સંગનો લાભ લઈને ધન્ય બન્યા હતા.

માગસર સુદ-૯ શ્રી ઘનશ્યામમહારાજનો ૨૦ મો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની નિશ્રામાં ધામધૂમથી ઉજવાઈ ગયો.

મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી તથા મહંત શા. હરિજીવનદાસના માર્ગદર્શન મુજબ પાટોત્સવનું અનેરું આયોજન થયું. પ્રાતઃકાળમાં પૂ. મહારાજશ્રીના શુભ હસ્તે ચિંતામણી મૂર્તિ ઘનશ્યામમહારાજનો વૈદિક વિધિથી અભિષેક થયો હતો. મહાપૂજા તથા અન્નકૂટની આરતી થઈ હતી.

યજમાન શ્રી જશવંતલાલ અંબાલાલ સોની, મુંબઈ, હસમુખલાલ બી. સોની, ભૂપેન્દ્રકુમાર એ. સોની પરિવારે પૂ. મહારાજશ્રીનું ભેટ, પૂજન, આરતી કરીને આશીર્વાદ લીધા હતા. અમદાવાદ, ઈડર, ટોરડા, પ્રાંતીજ, હિંમતનગરના સંતો તથા ડૉ. કે. કે. પટેલ સાહેબે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. હિંમતનગર નગર પાલિકા પ્રમુખપદે નવા વરાયેલા સત્સંગી જે.ડી. પટેલ સાહેબને પૂ. મહારાજશ્રીએ ખાસ આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર સભાને પણ પૂ. મહારાજશ્રીએ ખાસ પ્રેરણાત્મક ઉદ્‌બોધન કર્યું હતું. કોઠારી સત્યસંકલ્પ સ્વામી, પૂજારી અજય સ્વામી તથા સ.ગુ. ધર્મપ્રિય સ્વામીએ પ્રસંગને દિપાવવા અથાગ સેવા સમર્પી હતી.

(અતુલકુમાર એચ. સોની)

## સમૌ (ચૌધરી)

અત્રે સમૌ ગામે માગસર સુદ ૧૫ ના શુભ દિને પ.ભ. કરશનભાઈ (સાહેબ)ના જીવત ચર્યા તથા મકાનના વાસ્તુ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા. આ પ્રસંગે શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી તથા શા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર ગુરુકુળ) એ કથા વાર્તાનો સુંદર લાભ આપેલ.

પ્રાસંગિક સભામાં શા. નાના પી.પી. સ્વામીએ આ પ્રસંગનું સુંદર માર્ગદર્શન સાથે પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ સંકલ્પ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના નિર્માણ અને ઉદ્‌ઘાટન અંગેની સંપૂર્ણ માહિતી આપી હતી. જેથી ગામડાઓના નિષ્ઠાવાન હરિભક્તોએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પોતાની સેવા લખાવી હતી. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(ભીખાભાઈ કોઠારી)

## લાલોડા (ઈડર દેશ) શ્રી સ્વામિનારાયણ મંદિર

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા લાલોડા શ્રી સ્વામિનારાયણ મંદિરના પ્રણેતા સ.ગુ.

શાસ્ત્રી સ્વામી ઘનશ્યામજીવનદાસજીની શુભ પ્રેરણાથી તથા સ્વામી વિશ્વપ્રકાશદાસજી તથા બાળકૃષ્ણ સ્વામીના માર્ગદર્શનથી પ.ભ. ડાહ્યાભાઈ અમીચંદભાઈ કોદરભાઈની જીવત ચર્યા પ્રસંગે તા. ૫-૧૨-૦૯ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા. ગામના સમસ્ત હરિભક્તો અને સંતોએ પૂ. મહારાજશ્રીનું ભાવભીનું સ્વાગત સામૈયુ કર્યું હતું. પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા જેતલપુર વાડીના સંચાલક શા.સ્વા. હરિૐપ્રકાશદાસજીએ ગામના સત્સંગમાં સંપ, સહકાર અને પ્રેમની ભાવના તે અહીંના શા.સ્વા. ઘનશ્યામજીવનદાસજીને આભારી છે. તેમકહી યજમાન પરિવારની સેવાને બિરદાવી હતી.

છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પ.ભ. ડાહ્યાભાઈ અમીચંદભાઈ પરિવારને રૂડા આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. આ પ્રસંગે અમદાવાદ, જેતલપુર, ઈડર, નાથદ્વારા, હિંમતનગર, ગાંધીનગર આદિ અનેક ધામોથી સંતો પધાર્યા હતા. પટેલ મોહનભાઈ અમીચંદભાઈ અને પટેલ જેઠાભાઈ અમીચંદભાઈ આદિ પરિવારે પોતાના મોટા ભાઈ માટે આવી સુંદર પ્રવૃતિ કરીને પ્રેરણાત્મક ઉદાહરણ પુરૂ પાડ્યું હતું. (સ્વા. વિશ્વપ્રકાશદાસ)

## દેત્રોજ ગામે શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના તથા સમસ્ત ધર્મવંશીના આશીર્વાદથી તથા શા. નાના પી.પી. સ્વામી (નારણઘાટ મહંત)ની પ્રેરણાથી તા. ૧૬-૧૨-૦૯ થી તા. ૨૦-૧૨-૦૯ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ સ.ગુ. શા.સ્વામી રામકૃષ્ણદાસજી તથા સ.ગુ.શા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર ગુરુકુળ) ના વક્તા પદે કથાવાણીનો ગ્રામજનોને અલૌકિક લાભ આપેલ. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી આ પ્રસંગે પધાર્યા હતા. ગામના ૧૨૭ વર્ષ જુના મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી સભામાં પધાર્યા હતા. અને સમસ્ત ગ્રામજનોને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

પૂર્ણાહુતિ પ્રસંગે અમદાવાદ .મંદિરના મહંત સ.ગુ.શા.સ્વા. હરિકૃષ્ણદાસજી પધાર્યા હતા અને કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારીને સભામાં સુંદર પ્રેરણાત્મક આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે નારણઘાટ મંદિરના મહંત સ્વામી દેવપ્રકાશદાસજી, બ્ર.સ્વા. રાજેશ્વરાનંદજી, સોકલીના સંતો આદિ પધાર્યા હતા. પ.ભ. ગણપતભાઈ બારોટ પરિવારે યજમાન પદનો લાભ લીધો હતો. સભા સંચાલન શા.સ્વા. અભયપ્રકાશદાસે શોભાવ્યું હતું. (ભરતભાઈ કોઠારી)

## ઈશ્વરપુરા (બદપુરા) ને આંગણે ભવ્ય ઉત્સવ

અત્રેના ઈશ્વરપુરા ગામે શ્રીહરિની કૃપા અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આશીર્વાદથી તથા મહંત સ્વામી દેવપ્રકાશદાસજી તથા મહંત શા. નાના પી.પી. સ્વામી (નારણઘાટ)ની પ્રેરણા માર્ગદર્શનથી એક લોક વ્યવહારનો પ્રસંગ ઈષ્ટદેવને આગળ રાખી ધાર્મિક ઉત્સવ બની રહ્યો. તા. ૪-૧૨-૦૯ થી તા. ૬-૧૨-૦૯ પર્યન્ત શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન પ.ભ. ડાહ્યાભાઈ ચૌધરી તથા મેનાબા ચૌધરીની જીવત ચર્યા તેમના પુત્રો શ્રી વિષ્ણુભાઈ (એન.ડી.) તથા શ્રી મહેન્દ્રભાઈનો સંકલ્પ ઉપરોક્ત બન્ને સંતો સમક્ષ રજુ કરી પ્રસંગને આધ્યાત્મિક સ્વરૂપ આપી શ્રીહરિગીતા ત્રિદિનાત્મક પારાયણ ચૌધરી સમાજના ત્રણ સેવાભાવી અગ્રણી શ્રીહરિભાઈ ચૌધરી, ડૉ. શ્રી રઘુવીર ચૌધરી અને શ્રી કાનજીભાઈ ચૌધરીનું સમાજ દ્વારા સન્માન અને મૂગટ પરનો મણી એટલે ૨૭ ગોળ ચૌધરી સમાજનું સ્નેહ મિલન (ચોખવું) યોજાયું. જેમાં કથાના વક્તા શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજીએ પોતાની છટાદાર વાણીના પ્રવાહથી ગામને ભક્તિ રસમાં તરબોળ કરી દીધું ! પ્રથમ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધારતા ગ્રામજનોએ ખૂબજ ભાવપૂર્વક સ્વાગત સામૈયુ કર્યું. સમસ્ત ગામને રૂડા આશીર્વાદ આપ્યા. બીજા દિવસે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પધારીને આશીર્વાદ આપ્યા તથા સમસ્ત સત્સંગી બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા પૂ. શ્રીરાજાએ પધારીને દર્શન આશીર્વાદનું બહેનોને સુખ આપ્યું. ત્રીજા દિવસે પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા અને તેઓશ્રીના વરદ્ હસ્તે કથાની પૂર્ણાહુતિ થઈ તથા સમાજના શ્રેષ્ઠીઓનું ભવ્ય સન્માન પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.

ધામોધામથી પધારેલા સંતોમાં પૂ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા શા.સ્વા. નારાયણવલ્લભદાસજીએ પ્રેરણાત્મક પ્રસંગોચિત અમૃતવાણીનો લાભ આપ્યો. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ ચૌધરી સમાજના ત્રણે મહાનુભાવોને આશીર્વાદ આપી બિરદાવી સૌ પર અતિ રાજી થયા. શ્રી એન.ડી. ચૌધરીનું સર્વે ગ્રામજનો અને સમાજે ખૂબ ખૂબ સન્માન કર્યું. ત્રણે દિવસ સમસ્ત ગામને પ્રસાદરૂપી ભોજન જમાડ્યું અને છેલ્લા દિવસે સમાજના ૨૫૦૦૦ લોકોએ પ્રસાદ ગ્રહણ કરી કથામૃતનો આસ્વાદ માણી જીવન ધન્ય બનાવ્યું. (કોઠારીશ્રી, ઈશ્વરપુરા)

### કાંકરિયા મંદિરમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ

શ્રીજી મહારાજની અસીમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા મહંત સ્વા. ગુરુપ્રસાદદાસજી તથા મહંત સ્વામી આનંદસ્વામીની પ્રેરણાથી કાંકરિયાના પ્રોફે. કાદમ્બરીબેન એન. દવેના શુભ સંકલ્પથી અ.નિ. લીલાબેન મૂળશંકર દવેની જન્મશતાબ્દી નિમિત્તે સંપ્રદાયના વિદ્વાન કથાકાર પૂ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના વક્તાપદે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું તા. ૯-૧૧-૦૯ થી તા. ૧૫-૧૧-૦૯ પર્યન્ત સુંદર આયોજન થયું. સભા સંચાલન શા. કોઠારી યજ્ઞપ્રકાશદાસે સંભાળ્યું હતું. કથા પ્રારંભમાં પ.પૂ. મોટા મહારાજશ્રીએ પધારીને દીપ પ્રાગટ્ય પ્રગટાવી અ.નિ. યજમાનશ્રી મહેશભાઈ દવેનાં પરિવારને આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે ધામોધામથી સંતો પધાર્યા હતા. બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને શ્રી કાદમ્બરી બહેનને રૂડા આશીર્વાદ આપ્યા હતા. કથા દરમ્યાન કથા શ્રવણ માટે પધારતા હતા.

આ પ્રસંગમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પધારી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને કથાની પૂર્ણાહુતિ કરી હતી. યજમાન પરિવારના ભાઈઓએ પ.પૂ. મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા.

પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, જેતલપુર મંદિરના મહંત પૂ. શા.સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સંહિતા પાઠી સંતોએ યજમાન પરિવારને આશીર્વાદ આપ્યા હતા. છેલ્લે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ યજમાન પરિવારના વડીલોને યાદ કરી રૂડા આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. સાતેય દિવસ ભાવિક ભક્તોને, સંતો, ભૂદેવોને જમાડવામાં આવેલ. દેવ સ્વામી પૂજારી, શા. યજ્ઞપ્રકાશદાસ, ગૌલોક સ્વામી, નરોત્તમભગત, યુવક મંડળ આદિ સૌની સેવા પ્રેરણારૂપ હતી.

(નટુભાઈ જી. પટેલ)

### લુણાવાડા (પંચમહાલ)માં નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા

પંચમહાલ જીલ્લાના લુણાવાડા ગામમાં છપૈયાધામ સોસાયટીમાં નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિરનું ભવ્ય નિર્માણ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પૂ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર)ની દેખરેખ-પ્રેરણા અને માર્ગદર્શનથી થયું હતું. મંદિર પૂર્ણ થતા મૂર્તિ પ્રતિષ્ઠાનું આયોજન સંપન્ન થયું.

આ પ્રસંગના ઉપલક્ષમાં શા.સ્વા. ભક્તિનંદનદાસજી (જેતલપુર)ના વક્તાપદે શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ, વિષ્ણુયાગ, મૂર્તિઓની નગર યાત્રા ખૂબજ ધામધૂમ અને હર્ષોલ્લાસથી થઈ. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી એ પધારીને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને બહેનોને દર્શનનું અલૌકિક સુખ આપી ખૂબજ રાજી થયા હતા. છેલ્લા દિવસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે નૂતન મંદિરમાં ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા વેદોક્ત વિધિસર થઈ હતી. ત્યારબાદ યજ્ઞ અને પારાયણની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી.

પ્રાસંગિક સભામાં ધામોધામના સંતોએ આશીર્વાદ આપ્યા હતા. છેલ્લે સમસ્ત ગામને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા. છેલ્લા દિવસે ગામના અને આજુબાજુના ગામોના હરિભક્તોએ પ્રસાદ લઈ જીવન કૃતાર્થ કર્યું હતું. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)

### દહેગામશ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે દહેગામશ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધનુર્માસમાં વહેલી સવારે આપણા હરિભક્તો સાથે મળી શ્રી સ્વામિનારાયણ ભગવાનની અખંડ ધૂન કરે છે. દરેક ભક્તોને ધૂનના અંતે પ્રસાદ વગેરે આપવામાં આવે છે. બહેનો પણ મોટી સંખ્યામાં લાભ લે છે. કોઠારી શ્રી અરવિંદભાઈ અમીન આદિ હરિભક્તો પ્રેરણા પુરી પાડે છે. (હરિકૃષ્ણભાઈ પટેલ)

### કાલીયાણા

શ્રી સ્વામિનારાયણ મંદિર (બાઈઓના)માં પોષ સુદ-૧૧ ના રોજ સાંખ્યયોગી બબુબાની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ૧૨ કલાકની ધૂન રાખવામાં આવી હતી. તેજ રીતે ભાઈઓના મંદિરમાં પ.ભ. ડાયાભાઈ બૂટીયા આદિ હરિભક્તોએ ધૂનનો કાર્યક્રમ રાખેલ. ગામના સમસ્ત હરિભક્તો ધૂનમાં જોડાયા હતા. (પ્રદિપ બૂટીયા)

### શ્રી નરનારાયણદેવ બાળ મંડળની ધાર્મિક યાત્રા

પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી અમદાવાદ મંદિર બાળ મંડળ સંચાલક શ્રી ગોપાળભાઈ મોદી, શ્રી પ્રવિણભાઈ ઉપાધ્યાય (બોપલ)ની પ્રેરણાથી તથા શ્રી

અમૃતભાઈ પટેલ (બોપલ મંદિર કોઠારી) તથા શ્રી સુરેન્દ્રભાઈ પટેલ (વિશાલાવાળા)ના સાથ સહકારથી તા. ૬-૧૨-૦૯ ના રોજ અમદાવાદ અને બોપલ મંદિરના બાળ સત્સંગનો ધાર્મિક પ્રવાસ યોજાયો. પ્રથમ શ્રી નરનારાયણદેવના શણગાર આરતીના દર્શન કરી, ત્યારબાદ લકઝરી બસમાં કાંકરિયા મંદિર દર્શન કરી જેતલપુર શ્રી રેવતી બળદેવજી મહારાજના દર્શન કરી સભા થઈ હતી. જેમાં પૂ. મહંત શા. આત્મપ્રકાશદાસજીના શિષ્ય મંડળે જેતલપુરની અદ્‌ભુત લીલાનું સુંદર સરળ ભાષામાં ઉદ્‌બોધન કર્યું. ત્યાર બાદ જેતલપુર મંદિરમાં તમામ બાળકોને પ્રસાદ જમાડીને પ્રસાદીની વાડીમાં દર્શન કરાવી રમત ગમત કરી સાંજે પુનઃ દર્શન કરી પ્રસાદ લઈ અમદાવાદ પરત આવ્યા. દરેક બાળ મંડળના સંચાલકોને આવા નાના પ્રવાસનું આયોજન કરવા પૂ. લાલજી મહારાજશ્રીએ ખાસ સૂચન કર્યું છે.

(ગોરધનભાઈ સીતાપરા)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

### સુરેન્દ્રનગર મંદિરનો ચતુર્થ પાટોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞા આશીર્વાદથી તથા અત્રેના મહંત સ્વામી સ.ગુ. પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી મંદિરમાં બિરાજમાન દેવનો ચતુર્થ પાટોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ તા. ૨૯-૧૧-૦૯ થી તા. ૪-૧૧-૦૯ પર્યન્ત સ.ગુ. શા.સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (નારણપુરા મહંતશ્રી) ના વક્તાપદે અને સહિતા પાઠમાં સ.ગુ. શા.સ્વામી દિવ્યપ્રકાશદાસજી (મૂળી) બિરાજ્યા હતા. પાટોત્સવના યજમાન પદે સુરેન્દ્રનગરના પ.ભ. અમૃતલાલ નાનજીભાઈ મામતોરા પરિવાર રહ્યા હતા.

આ પ્રસંગે શ્રીહરિયાગ, ઠાકોરજીનો મહાભિષેક, અન્નકૂટ તેમજ રાત્રીના બાળકો અને બાલિકાઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી, તથા પ.પૂ. અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી અને પૂ. શ્રીરાજા એમ સમસ્ત ધર્મવંશી પરિવારે પધારીને દર્શન આશીર્વાદનું સુખ આપ્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો ષોડશોપચાર મહાભિષેક ધામધૂમથી સંપન્ન થયો હતો. પ્રાસંગિક સભામાં ધામોધામથી પધારેલા સંતોએ પ્રેરક અમૃતવાણીનો લાભ આપેલ. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા.

પાટોત્સવ પ્રસંગે ધામોધામના સંતો, સાંખ્યયોગી બાઈઓ તેમજ ઝાલાવાડના હજારો હરિભક્તો દર્શનાર્થે ઉમટયા હતા. સમગ્ર આયોજનમાં સ્વામી પ્રેમવલ્લભદાસજી, જીષ્ણુ સ્વામી, રાજુ સ્વામી, (અમદાવાદ) શાંતિપ્રકાશદાસજી, વિશ્વસ્વરૂપદાસજી, સ્વા. સૂર્યપ્રકાશદાસજી, ભક્તિ સ્વામી અને કનુભગત સેવામાં જોડાયા હતા. કોઠારી સ્વામીના માર્ગદર્શનથી સર્વે હરિભક્તો તથા બહેનો અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

### રામપરા મંદિરમાં પાટોત્સવ-પારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મૂળી મંદિરના મહંત સ.ગુ. સ્વામી નારાયણપ્રસાદદાસજીની પ્રેરણાથી અત્રેના ગામમાં શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે કથા પારાયણનું સુંદર આયોજન જેતલપુર વાડીના શાસ્ત્રી સ્વામી હરિૐપ્રકાશદાસજી અને શા.સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા મહંત)ના વક્તાપદે થયું હતું. હરિભક્તો કથામૃતનો લાભ લઈ ખૂબજ તન્મય થઈ ગયા હતા. પૂર્ણાહુતિ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને સમસ્ત ગામને રૂડા આશીર્વાદ પાઠવી ખૂબજ રાજી થયા હતા. છેલ્લા દિવસે સમસ્ત ગામધૂમાડા બંધ જમાડવામાં આવેલ. વિવિધ ધામોથી સંતો પધાર્યા હતા. (ભક્તિકેશવદાસ)

### સત્સંગ શિબિર (અમદાવાદ)

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી આજ્ઞાથી તા. ૨૦-૧૧-૦૯ તા. ૨૪-૧૧-૦૯ પર્યન્ત અમદાવાદના

ડ્રાઈવઈન વિસ્તારની સ્કુલના પ્રાંગણમાં પંચ દિનાત્મક સત્સંગ શિબિર શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસના વક્તાપદે સંપન્ન થઈ. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પધારીને શિબિરાર્થીઓને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી, તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા. શાસ્ત્રી સ્વામીએ સર્વોપરિ ઉપાસના, શ્રી નરનારાયણદેવ પરત્વેની નિષ્ઠા અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞામાં વર્તવા ઉપર ખાસ ભાર મૂક્યો હતો. સાધુ દિવ્ય સ્વરૂપદાસે વ્યાખ્યાન માળા અને સાધુ ભજનપ્રકાશદાસે કીર્તન આરાધનાનો લાભ આપેલ. પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ ધ્રાંગધ્રા ગુરુકુળ દ્વારા પ્રકાશિત દિવ્ય સત્સંગ શિબિર અને શ્રીનગરમાં શ્રીહરિ કેસેટનું બહેનોની સભામાં વિમોચન કર્યું હતું. (અમૃતભાઈ પટેલ, લખતર)

## "પતંગ અને દેહ બંને સરખા છે" ક્યારે કપાઈ જશે ?

આ દેહ એ પતંગ છે, જીવ એ દોરી છે, અને તે દોરી ભગવાનનાં હાથમાં છે. સંસાર એ આકાશ છે. અને મન, ઈન્દ્રિયો પવન છે. જ્યારે આ દેહ સંસારમાં વિહાર કરે છે ત્યારે મન અને ઈન્દ્રિયો ઝુમવા લાગે છે. પણ જો જીવનરૂપી દોરી ધર્મના રંગમાં રંગાવી હશે તો તૂટી જશે નહિ. પણ દેહરૂપી પતંગ ભગવાન પાસે પહોંચી જશે. સમય ચાલ્યો જશે, ભવ બદલાઈ જશે, કરેલા કર્મો જીવની સાથે રહેશે, માટે ભગવાનનું માહાત્મ્ય સમજી ભગવાનની ભક્તિ કરવી.

(જશવંતભાઈ આર. ભાવસાર)

# વિદેશ સત્સંગ સમાચાર

### કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી આપણા કોલોનીયા શ્રી સ્વામિનારાયણમંદિરમાં સ્વામી જ્ઞાનજીવનદાસજીની રાહબરી હેઠળ તુલસી વિવાહ ધામધૂમથી સંપન્ન થયો. જેમાં ભૂદેવ શ્રી પીનાકીન જાની, શ્રી વિશાલ જાની અને શ્રી પંકજ જાનીએ પૂજન અને લગ્ન વિધિ કરાવી હતી. સ્વામીએ તુલસી વિવાહનું માહાત્મ્ય સુંદર રીતે સમજાવ્યું હતું. યજમાનોએ અલૌકિક લાભ લઈ ધન્ય બન્યા. ૭ અને ૮ નવેમ્બરના શનિ-રવિના બાળકો માટેની સત્સંગ શિબિર યોજાઈ. જેમાં ૨૫ બાળકો અને બાલિકાઓએ લાભ લીધો. જ્ઞાન સ્વામીએ સંપ્રદાયની રીત ભાત અને નિયમની સુંદર બાળકની ભાષામાં છણાવટ કરી સમજાવ્યું હતું. ભગવાનની આરતી, નિત્ય નિયમ-પૂજાપાઠ તિલક ચાંદલો-કંઠી વગેરેની સમજણ આપી હતી. નવેમ્બરના પ્રથમ વિકમાં સાંજના 'સેવા' દ્વારા ફ્રી મેડીકલ કેમ્પમાં ડૉ. રઘુવંશી, ડૉ. દફતરી, રોહીણી નાવલેકર અને રક્ષા પટેલે ચેકઅપ કરી જરૂરીયાત મંદનો દવાઓ વગેરે આપેલ.

(પ્રઈવણભાઈ)

### વોશિંગ્ટન ડી.સી.

૧૪મી નવેમ્બરના શનિવારે સાંજે ૪-૩૦ થી ૯-૩૦ મેરીલેન્ડમાં પેરિસ હોલમાં સત્સંગ સભા થઈ હતી. 'આજ મારે ઓરડે રે' કીર્તનથી સભાનો પ્રારંભ થયેલ. ત્યારબાદ ભજન કીર્તન ધૂન અને નિત્ય નિયમઅને થાળ આરતી કરવામાં આવેલ. હ્યુસ્ટનથી શાસ્ત્રી ધર્મકિશોરદાસજીએ સેલફોનના માધ્યમથી શ્રીહરિની સર્વોપરિ ઉપાસના અને ધર્મવંશી આચાર્યશ્રીનો મહિમા સમજાવ્યો હતો. અહીંયા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી સત્સંગની પ્રવૃત્તિ ખૂબજ સુંદર ચાલે છે. (કનુભાઈ પટેલ)

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

૧૦૧/- મુક્તાબેન બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- મીનાબેન જગદીશ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- સરલાબેન ભરત પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- લીનાબેન કીર્તિકુમાર પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ-અમેરિકા
૧૦૧/- ચંદ્રિકાબેન મહેન્દ્ર પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ-નાઈરોબી
૧૦૧/- રીટાબેન દિલીપ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- સ્નેહા જગદીશ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- રૂચિતા જગદીશ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- જીનલ ભરત પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- હેતવી દિલીપ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- પુષ્પાબેન હેમરાજ મારવી શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- કમળાબેન માધવજી ગોહિલ શ્રીજી પ્રસન્નાર્થે મેઘપર (પૂના)
૧૦૧/- પટેલ તારાબેન લાલજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સઈજ
૧૦૦/- પટેલ મિતેશ નટવરલાલ શ્રીજી પ્રસન્નાર્થે વડુ
૨૫૦/- પટેલ ગીતાબેન મહેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે
૧૦૧/- પરમાર કાંતિલાલ એમ. અનીલના શુભ લગ્ન પ્રસંગે સુરત
૧૦૧/- પોરીયા રમણીકભાઈ ટી. ચિ. માયાના લગ્ન પ્રસંગે સુરત
૧૦૧/- મોદી સીતાબેન મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે માણસા
૧૦૧/- મોદી ઈન્દીરાબેન હસમુખભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૫/- પટેલ જીતેન્દ્રભાઈ નરસિંહભાઈ ચિ. હેતના જન્મદિને લખતર
૧૦૧/- પટેલ ઓમકુમાર શ્રીજી પ્રસન્નાર્થે યુ.કે.
૧૦૧/- પટેલ રમણભાઈ સોમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૨૫૦/- પટેલ શશીબેન નારણદાસ અમથીદાસ અમેરિકાથી સ્વદેશ વડુ સુખરૂપ આવ્યા તે નિમિત્તે
૧૫૧/- અ.નિ. પટેલ ઈશાબેન ગોવિંદદાસના સ્મરણાર્થે કટોસણ
૧૦૧/- શ્રી નરનારાયણ કિરાણા સ્ટોર્સ શ્રીજી પ્રસન્નાર્થે મારૂસણા
૧૫૧/- રમેશભાઈ ઈશ્વરભાઈ ભાવસાર લગ્ન પ્રસંગે અમદાવાદ
૧૦૧/- મિતલબેનના શુભ લગ્ન પ્રસંગે શ્રીજી પ્રસન્નાર્થે બાપુનગર
૨૦૧/- પટેલ ભૂપેન્દ્રભાઈ યુ. ચિ. પરેશના શુભ લગ્ન પ્રસંગે વડુવાળા
૧૦૧/- ભાવસાર મુકેશભાઈ પી. ચિ. રૂપેશના લગ્ન પ્રસંગે અમદાવાદ
૧૧૧/- અ.નિ. પુંજીબેન મનસુખભાઈ પુણ્ય તિથિ નિમિત્તે દાહોદ
૧૧૧/- અ.નિ. કાંતિલાલ રાયજીભાઈ પુણ્ય તિથિ નિમિત્તે દાહોદ
૫૦૧/- પટેલ મનન મનજીભાઈ ના શુભ લગ્ન પ્રસંગે નવા વાડજ
૨૫૧/- કલ્યાણ અમિત ત્રિવેદી શ્રીજી પ્રસન્નાર્થે શિકાગો
૨૫૧/- અમિત અને એમ્બર ત્રિવેદી શ્રીજી પ્રસન્નાર્થે શિકાગો
૨૫૧/- રાજ વસંત ત્રિવેદી શ્રીજી પ્રસન્નાર્થે શિકાગો
૨૫૧/- વસંત - દેવિકા ત્રિવેદી શ્રીજી પ્રસન્નાર્થે શિકાગો
૨૫૧/- પ્રશાંત - જૈના કવિ શ્રીજી પ્રસન્નાર્થે શિકાગો
૧૦૧/- ધ્રુવ બિપીનભાઈ કવિ શ્રીજી પ્રસન્નાર્થે શિકાગો
૨૫૧/- બિપીનભાઈ અને નીતા કવિ શ્રીજી પ્રસન્નાર્થે શિકાગો
૧૦૧/- મીસ્ત્રી દેવેન્દ્રભાઈ કે. ચિ. દેવને દર્શન કરાવ્યા તે નિમિત્તે મુંબઈ
૧૦૧/- કા. ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મલાડ-મુંબઈ
૧૦૨/- માંદલીયા જયમીન એમ. એકટીવા લાવ્યા તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- મકવાણા અલ્પેશભાઈ એમ. પુત્રીના ૮માં વર્ષ અમરાઈવાડી
૧૦૧/- પટેલ પરાગ ઘનશ્યામભાઈ ના ચિ. પંથના જન્મદિને અમદાવાદ
૧૦૦/- ભાવસાર મનીષકુમારના ચિ. હેતને દેવના દર્શન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ ગોકુળભાઈ સી. ચિ. ભાવિકના લગ્ન પ્રસંગે બાપુનગર
૧૦૧/- પટેલ અશ્વિનભાઈ એન. મકાનના દસ્તાવેજ નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ યોગેશકુમાર પ્રહલાદભાઈ ચિ. તીર્થની બાબરી નિમિત્તે
૧૦૧/- પટેલ પાયલ અમૃતભાઈ વિઝા મળ્યા તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- ભાવસાર પ્રવિણાબેન એચ. ૫૦ મી વર્ષગાંઠ નિમિત્તે અમદાવાદ
૨૦૧/- પટેલ રણછોડભાઈ ડી. ચિ. ચિરાગના લગ્ન પ્રસંગે અમદાવાદ
૧૦૧/- પટેલ જીગર વિક્રમભાઈ ઈ. ચિ. નિકસના જન્મપ્રસંગે ઉનાવા
૧૦૦૦/- પટેલ દિલીપભાઈ કેશવલાલ - ચેરીહીલ ચિ. મનીષા તથા ચિ. અલ્પેશના શુભ લગ્ન પ્રસંગે
૧૦૧/- પટેલ અરવિંદભાઈ પી. સંકલ્પ પૂર્ણ કર્યો તે નિમિત્તે ઉવારસદ
૧૦૧/- પટેલ અશોકભાઈ ડાહ્યાભાઈ નવી ઓફિસ ચાલું કરી તે નિમિત્તે વિહાર
૧૦૧/- પટેલ રતિલાલ અમરશી પ્લોટ લીધો તે નિમિત્તે જુના દેવળીયા
૨૦૦/- પટેલ ભગવતભાઈ ઈશ્વરદાસ ધવનના લગ્ન પ્રસંગે મોખાસણ
૨૫૧/- ટાંક ગોદાવરીબેન એમ. ચિ. ઘનશ્યામના લગ્ન પ્રસંગે સુરત
૨૫૧/- સાપરીયા કંચનબેન એમ. ચિ. સંગીતાના લગ્ન પ્રસંગે સુરત
૧૦૧/- મારવી લાભુબેન નરસીભાઈ ચિ. અભિષેકના લગ્ન પ્રસંગે સુરત
૧૦૧/- પરમાર જસુબેન કાંતિલાલ ચિ. હર્ષાના લગ્ન પ્રસંગે સુરત
૧૦૧/- ટાંક મોતીલાલ મેઘજીના સ્મરણાર્થે જીરાગઢ
૧૦૦/- ચોટલીયા ભૂપેન્દ્ર રતિલાલ પુણ્ય તિથિ નિમિત્તે મુંબઈ
૧૦૧/- પટેલ ગૌરાંગભાઈ બેબીના જન્મદિન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ હિતેશ સુભાષભાઈ સ્કુલે બેસાડી તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- વોરા સતીષભાઈ નાગજીભાઈ પુત્ર જન્મપ્રસંગે ગણેશગઢ
૧૦૧/- કા. પટેલ વ્રજ જીગ્નેશભાઈ જન્મપ્રસંગે બાલાસિનોર
૧૦૧/- કા. પટેલ વિકાશકુમાર દશરથલાલ પુત્ર જન્મપ્રસંગે ભાયંદર
૧૦૧/- કા. પટેલ તુષારકુમાર જસવંતલાલ લગ્ન પ્રસંગે બાલાસિનોર
૧૦૧/- નર્મદાબેન ચિ. હેતલ અને નિકિતના લગ્ન પ્રસંગે સુરત
૧૦૧/- ટાંક ચંપાબેન એમ. ચિ. હરિકૃષ્ણના લગ્ન પ્રસંગે કાંદીવલી
૧૦૧/- પરમાર પુષ્પાબેન પી. મિનાબેનને ત્યાં પુત્ર જન્મપ્રસંગે મીરારોડ
૧૦૧/- ટાંક રીટાબેન મનોજભાઈ બાબુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મીરા રોડ
૧૦૧/- ખટાણા બિપીનભાઈ જે. વાંસવા સ્કુલમાં નોકરી નિમિત્તે બળોલ
૧૦૧/- પટેલ લાભુભાઈ સી. શિલ્પાબેનના લગ્ન પ્રસંગે કલ્યાણપુરા
૧૦૧/- પટેલ રમણભાઈ નારણભા પુણ્યતિથિ નિમિત્તે કનીપુર
૧૦૦/- પટેલ જયમીન એસ. ઓસ્ટ્રેલીયા સીટીઝન નિમિત્તે જમીયતપુરા
૧૦૦/- પટેલ કુંજલબેન જે. ઓસ્ટ્રેલીયાના પી.આર. નિમિત્તે જમીયતપુરા
૧૦૦/- પટેલ સુધાબેન અનંતકુમાર શ્રીજી પ્રસન્નાર્થે દહેગામ

૧૦૦/- પટેલ લીનાબેન ગોવિંદભાઈ લગ્ન પ્રસંગે ધરમપુર
૧૦૧/- પટેલ અલ્પેશભાઈ વિષ્ણુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ઓસ્ટ્રેલીયા
૧૦૧/- બાવરવા બ્રિજેશ રમેશભાઈ પાયલોટની નોકરી નિમિત્તે ગાંધીનગર
૧૦૧/- પુરોહિત ભાવનાબેન બી. જન્મદિન પ્રસંગે બાલાસિનોર
૧૦૧/- પટેલ અનીતાબેન મુકેસભાઈ ચિ. કુશલના જન્મદિને વાવોલ
૧૦૧/- મીસ્ત્રી મુકેશભાઈ જગજીવનદાસ શ્રીજી પ્રસન્નાર્થે માણેકપુર
૧૦૧/- પટેલ નયનકુમાર રમેશચંદ્ર શુભ લગ્ન પ્રસંગે સોજા
૨૦૧/- પટેલ માહિરભાઈ વિક્રમભાઈ જન્મદિન પ્રસંગે સુરત
૧૦૧/- પોરીયા દેવરાજભાઈ જી. ચિ. ભાવેશના લગ્ન પ્રસંગે જાડેશ્વર
૧૦૦/- મોરી અજીતભાઈ ભાણેજ અભયરાજના જન્મદિને કાલીયાણા
૧૦૧/- મોદી રસિકલાલ બાબુલાલ ચિ. તેજલના લગ્ન પ્રસંગે નરોડા
૧૫૧/- પટેલ ઈન્દ્રવદનભાઈ બી. ગાડી લાવ્યા તે નિમિત્તે અમદાવાદ
૨૦૦/- પટેલ ગૌરવ સુરેશકુમાર શુભ લગ્ન પ્રસંગે જમીયતપુરા
૧૦૦/- પટેલ ગંગારામવેલજી શ્રીહરિ પ્રસન્નાર્થે નાગપુર
૧૦૦/- પટેલ ચિરાગ શૈલેષભાઈ જન્મદિન (૨-૧૨) નિમિત્તે વડુવાળા
૧૦૦/- પટેલ વૈશાલી શૈલેષભાઈ જન્મદિન નિમિત્તે (૨૪-૧) વડુવાળા
૫૦૧/- દોંગા તુલસીભાઈ પોપટભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૧૦૧/- ભાવસાર અંકુર દિલીપભાઈ લગ્ન પ્રસંગે અમદાવાદ
૧૫૦/- પટેલ મહેન્દ્રકુમાર ભગવાનદાસ શ્રીજી પ્રસન્નાર્થે માંડલ
૧૦૧/- નાયી દિપકકુમાર કાંતિભાઈ નવું મકાન લીધું તે નિમિત્તે ડેમાઈ
૧૧૧/- ચોટલીયા હર્ષદભાઈ પ્રાગજીભાઈ લગ્ન પ્રસંગે મુંબઈ
૧૦૧/- પટેલ પંકજભાઈ જી. ચિ. રૂચિતાના લગ્ન પ્રસંગે અમદાવાદ
૨૫૧/- પટેલ જોગેશભાઈ રમણભાઈ ચિ. આલેશના લગ્ન પ્રસંગે પ.પૂ. મહારાજશ્રી આશીર્વાદ આપવા પધાર્યા તે નિમિત્તે
૫૦૦/- હિરાણી મુરજી નાનજી સહપરિવાર છપૈયાધામની યાત્રા માનકુવા (કચ્છ) સફળ થઈ તે નિમિત્તે
૧૦૦/- અ.નિ. સુધાબેન ત્રંબકલાલ પરીખના સ્મરણાર્થે સુરેન્દ્રનગર
૧૦૦/- પટેલ કાંતાબેન રઘુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- પટેલ વનીતાબેન નિકુંજભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગોધરા
૧૦૦/- પટેલ સી. કે. ચિ. આદિત્યના જન્મપ્રસંગે અમદાવાદ
૧૦૧/- કાછીયા ભવ્ય રાકેશકુમાર જન્મદિન પ્રસંગે (કોઠંબાવાળા)
૫૦૦/- પટેલ કિરણકુમાર ડાહ્યાલાલ અમેરિકાની ટુર નિમિત્તે ડાંગરવા
૧૦૧/- ભાવસાર સુશીલાબેન નરેન્દ્રભાઈ જન્મદિને અમદાવાદ
૧૦૧/- વરૂ હંસાબેન એસ. ચિ. વિવેકના લગ્ન પ્રસંગે ઓલપાડ
૧૦૧/- ચૌહાણ શોભનાબેન એમ. ચિ. અંકિતાના લગ્નપ્રસંગે નવસારી
૧૦૧/- ટાંક અમૃતબેન ભવાનભાઈ ચિ. ગીતાના લગ્ન પ્રસંગે રાજકોટ
૧૦૧/- ટાંક અમૃતબેન બી. ચિ. મીનાબેનના સ્મરણાર્થે રાજકોટ
૧૦૦/- ભાવસાર પિન્કીબેન પી. ધનુર્માસ ધૂન પ્રસંગે અમદાવાદ
૧૦૧/- પટેલ વીણાબેન એમ. સાકરબાની પુણ્ય તિથિ નિમિત્તે દહેગામ
૧૦૧/- પટેલ વીણાબેન મનુભાઈ ચિ. અજયને પ્રમોશન નિમિત્તે દહેગામ
૧૦૦/- પટેલ કોમલકુમાર રાજેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- પટેલ સરીન એ. એન્જી.માં નંબર લાગ્યો તે નિમિત્તે મોડાસા
૧૫૧/- પંડ્યા પાર્થ ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ

## અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**વડતાલ :** શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ ધામના વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ પૂજ્ય બ્રહ્મનિષ્ઠ સ.ગુ. શ્રી કૃષ્ણજીવનદાસજી સ્વામી (અથાણાવાળા) શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા તા. ૧-૧૨-૨૦૦૯ ના રોજ અક્ષરનિવાસી થયા છે. તેમના અક્ષરવાસથી વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ દેશમાં એક બ્રહ્મનિષ્ઠ સંતની મોટી ખોટ પડી છે.

**મુંબઈ :** પ.ભ. જ્યોતિબેન જમનાદાસભાઈ ગૌતમી શ્રીહરિનું સ્મરણ કરતા તા. ૮-૧૦-૨૦૦૯ ના રોજ અક્ષરનિવાસી થયા છે.

**ટીબા (મૂળીદેશ) :** પ.ભ. ગોવિંદભાઈ રમાભાઈ ગોહેલ તા. ૧૮-૧૨-૨૦૦૯ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**લેસ્ટર (યુ.કે.) :** પ.ભ. તરૂણભાઈ ફરસુરામભાઈ ત્રિવેદીના માતુશ્રી નર્મદાબેન ફરસુરામભાઈ ત્રિવેદી (પીજવાળા) તા. ૨૩-૧૧-૦૯ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**લેસ્ટર (યુ.કે.) :** પ.ભ. રતિલાલભાઈ તથા પ.ભ. નારણભાઈના પિતાશ્રી રૂડાભાઈ રામજીભાઈ હિરાણી (વાડાસરવાળા) શ્રીહરિનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**બાપુપુરા :** પ.ભ. સેંધાભાઈ માધાભાઈ ચૌધરી તા. ૧૧-૧૨-૨૦૦૯ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

















૧. લુણાવાડા નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાની આરતી ઉતારતા પ.પૂ.મહારાજશ્રી. ૨. લુણાવાડા મંદિરમાં ઠાકોરજીની આરતી તારતા પ.પૂ.મોટા મહારાજશ્રી. ૩. લુણાવાડા મંદિરમાં સભામાં દર્શન આપતા પ.પૂ.મહારાજશ્રી અને પ.પૂ.લાલજી હારાજશ્રી. ૪. દેત્રોજ મંદિરમાં પ.પૂ.મહારાજશ્રીની નિશ્રામાં કથાના વક્તા પૂ.શા.સ્વામી રામકૃષ્ણદાસજી અને શા.સ્વામી ન્યસ્વરૂપદાસજી તથા સભા સંચાલન કરતાં નાના પી.પી. સ્વામી. ૫. સુરેન્દ્રનગર મંદિરમાં પ.પૂ.મહારાજશ્રી શાકોત્સવનો ાર કરી સભામાં આશીર્વાદ આપતા. ૬. લાલોડા (ઈડરદેશ) શોભાયાત્રામાં દર્શનઆપતા પ.પૂ.મહારાજશ્રી અને સંતો. અમદાવાદ મંદિરમાં ૩૧ ડિસેમ્બરે ગ્રહણ નિમિત્તે કીર્તન ભક્તિ સંધ્યા કાર્યક્રમ.

Registered under RNI-GUJGUJ/2007/20221"Permitted to post at
Ahd PSO on 11th every month under postal REG. NO. GAMC.-003 9-11 issued SSP Ahd Valid
up to 31-12-2011 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/07-08 valid up to 31/12/2011



નારણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શાકોત્સવનો દિવ્ય વઘાર કરતા પ.પૂ.મહારાજશ્રી સાથે મહંત સ્વામી દેવપ્રકાશદાસજી.
આ પ્રસંગે હજારો ભાવિકો લાભ લેવા ઉમટયા હતા.







ઈસ્ટ આફ્રિકા સત્સંગ સમાજ શ્રી સ્વામિનારાયણ મંદિર નૈરોબી દશાબ્દી મહોત્સવ પ્રસંગે શ્રી હરિકૃષ્ણ મહારાજનો અભિષેક કરતા પ.પૂ. મોટા મહારાજશ્રી અને ભુજ મંદિરના મહંત સ્વામી તથા સભામાં અમદાવાદ મંદિરના મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી અને દેવ સ્વામી અને સંતો.

Jagadish Offset
Praful Kharsani